dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 168 | AD - 2026, Chaitra Sud - 08 | Thursday, Dt. 26-03-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાન સાથે યુધ્ધનો અંત લાવવા માટે ઉત્સુક

# ઈરાનનો દાવો : અમેરિકી યુધ્ધ જહાજ અબ્રાહમ લિંકન પર વિસ્ફોટક હુમલો

તહેરાન,તા. ૨૫

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધના ૨૬મા દિવસે સ્થિતિ વધુ ગંભીર બની છે. એક તરફ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ’૫ દિવસ કોઈ હુમલો નહીં’ ની નીતિ દ્વારા પ્રદેશમાં કાયમી શાંતિ સ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, તો બીજી તરફ ઈરાની સૈન્યએ આક્રમક વલણ અપનાવતા ઈઝરાયલ પર બેલિસ્ટિક મિસાઈલ હુમલાની ૮૦મી લહેરની જાહેરાત કરી છે.

ઈરાની સૈન્યએ દાવો કર્યો છે કે તેમણે અમેરિકી નૌકાદળના જહાજ ’યુએસએસ અબ્રાહમ લિંકન’ પર મોટો હુમલો કર્યો છે. આ ઘટનાનો એક કથિત વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, જેમાં દરિયાની વચ્ચે મોટો વિસ્ફોટ થતો જોવા મળે છે. ઈરાને સ્પષ્ટ કર્યું છે કે ’ઝાયોનિસ્ટ શાસન’ (ઈઝરાયલ) અને તેના સાથીઓ સામે તેમની સૈન્ય કાર્યવાહી અટકશે નહીં. ઈરાને ક્લસ્ટર બોમ્બ ધરાવતી મિસાઈલો વડે ઈઝરાયલના વિવિધ વિસ્તારો અને ગલ્ફ દેશોમાં આવેલા અમેરિકી સૈન્ય મથકોને નિશાન બનાવ્યા હોવાના અહેવાલ છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાન સાથે યુધ્ધનો અંત લાવવા માટે ઉત્સુક છે. તેમણે ચેતવણી આપી છે કે જો ઈરાન કોઈ કરાર પર નહીં પહોંચે તો તેને ભારે આર્થિક અને સૈન્ય નુકસાન વેઠવું પડશે. ટ્રમ્પના મતે, આ યુધ્ધ સમાપ્ત કરવાના બદલામાં અમેરિકાને તેલ અને ગેસ ક્ષેત્રમાં મોટો ફાયદો મળી શકે તેમ છે.



જોકે, ઈરાને વાટાઘાટો માટે આકરી શરતો મૂકી છે. ઈરાને અમેરિકાના ખાસ દૂતો સ્ટીવ વિટકોફ અથવા જેરેડ કુશનર સાથે વાત કરવાનો સાફ ઈન્કાર કરી દીધો છે. ઈરાનનું કહેવું છે કે તેઓ માત્ર ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વાન્સ સાથે સીધી ચર્ચા કરવા માંગે છે, કારણ કે તેઓ તેમને અન્ય નેતાઓની સરખામણીએ ’મધ્યમ માર્ગી’ માને છે.

ઈરાની સૈન્યના ખાતમ અલ-અંબિયા સેન્ટ્રલ હેડક્વાર્ટરના પ્રવક્તા લેફ્ટનન્ટ કર્નલ ઈબ્રાહિમ ઝોલ્ફાઘરીએ સરકારી ટેલિવિઝન પર રાષ્ટ્રપતિ ટ્રમ્પની આકરી ટીકા કરી હતી. તેમણે ટ્રમ્પના ’સારી વાતચીત’ ના દાવાને નકારી કાઢતા કહ્યું કે, "અમેરિકા માત્ર પોતાની સાથે જ વાટાઘાટો કરી રહ્યું છે. તમારી વ્યૂહાત્મક શક્તિ હવે નિષ્ફળતામાં ફેરવાઈ ગઈ છે." તેમણે વધુમાં ઉમેર્યું કે ઈરાન ક્યારેય અમેરિકા સામે ઝૂકશે નહીં અને કોઈ પણ પ્રકારનું સમાધાન કરવામાં આવશે નહીં. ઈરાનના હુમલાના જવાબમાં ઈઝરાયલે પણ ઈરાનના ઈસ્ફહાનમાં આવેલા મિસાઈલ લોન્ચર સાઈટ અને તેહરાન-બેરુત સરહદ પર સચોટ હુમલા કર્યા છે. બંને પક્ષે ભારે જાનહાનિના અહેવાલો મળી રહ્યા છે, જે મધ્ય પૂર્વને સંપૂર્ણ વિનાશક યુધ્ધ તરફ ધકેલી રહ્યા છે. યુધ્ધની આ સ્થિતિની અસર અમેરિકાના આંતરિક રાજકારણ પર પણ પડી છે. તાજેતરના સર્વે મુજબ, ડોનાલ્ડ ટ્રમ્પનું એપ્રુવલ રેટિંગ ઘટીને ૩૬% થઈ ગયું છે, જે તેમના બીજા કાર્યકાળનું સૌથી નીચું સ્તર છે. લોકપ્રિયતામાં ઘટાડો એક અઠવાડિયામાં ૪%નો ઘટાડો (૪૦% થી ૩૬%) થયો છે. ૬૨% અમેરિકનો ટ્રમ્પની યુધ્ધ નીતિથી નારાજ છે. મોંઘવારીઃ ઈરાન સાથેના તણાવને કારણે તેલના ભાવમાં થયેલા વધારાથી સામાન્ય જનતા પર બોજ વધ્યો છે, જેના કારણે માત્ર ૨૫% લોકો જ ટ્રમ્પની આર્થિક પધ્ધતિઓમાં વિશ્વાસ ધરાવે છે.

# સિક્કિમમાં ભારે વરસાદ અને ભૂસ્ખલનથી ચુંગથાંગમાં ૨૦૦ જેટલા પ્રવાસીઓ ફસાયા

ચુંગથાંગ, તા.૨૫

સિક્કિમમાં અવિરત વરસાદને કારણે અનેક સ્થળે ભૂસ્ખલન થતા જનજીવન પ્રભાવિત થયું છે. ગંગટોક-લાચેન અને ચુંગથાંગ-લાચેનને જોડતા મુખ્ય માર્ગો બંધ થતાં અંદાજે ૧૫૦ થી ૨૦૦ પ્રવાસીઓ ચુંગથાંગમાં ફસાયા છે. જિલ્લા કલેક્ટર અનંત જૈનના જણાવ્યા મુજબ, ફસાયેલા પ્રવાસીઓને આઈ.ટી.બી.પી. (ITBP) કેમ્પ અને સ્થાનિક ગુરુદ્વારામાં સુરક્ષિત આશ્રય આપવામાં આવ્યો છે. તંત્ર દ્વારા લાચુંગનો રસ્તો



સાફ કરી પ્રવાસીઓને ગંગટોક પરત લાવવાની કામગીરી પૂર્ણ કરાઈ છે, પરંતુ લાચેન તરફનો વાહનવ્યવહાર હજુ ખોરવાયેલો છે. માર્ગો સુરક્ષિત જાહેર થયા બાદ જ પ્રવાસીઓને આગળ વધવાની મંજૂરી અપાશે. આ મહિનાની શરૂઆતમાં પણ વાવાઝોડાને કારણે વીજ પુરવઠો ખોરવાયો હતો, જે પ્રશાસન માટે સતત ચિંતાનો વિષય છે.

જય શ્રી રામ
હાર્દિક નિમંત્રણ
શ્રીરામ પ્રાગટય પાવન યાત્રા
“ભગવાન શ્રી રામચંદ્રજીના પ્રાગટ્ય મહોત્સવ”
ના ભાગરૂપે અમરેલી નગરના તમામ સનાતની હિન્દુઓ જેઓ ધર્મ જાગૃતિ તેમજ ધર્મ સ્વરક્ષણ કાજે હર હંમેશને માટે તત્પર રહે છે. ફરીથી અમરેલીના આંગણે સનાતનીઓની સંગઠન - શકિત પ્રદર્શન માટેનો ઉજળો દિવસ આવી ગયો છે. તો આપ સર્વને આ તબક્કે અમરેલી નગર શોભાયાત્રા
“શ્રીરામ પ્રાગટય પાવન યાત્રા”
સંવત ૨૦૮૨ ને ચૈત્ર સુદ-૯ ને ગુરૂવાર તા. ૨૬/03/૨૦૨૬
ના રોજ પાવન પ્રસંગને સાથે મળીને વિશાળ સંખ્યામાં ઉજવણી કરવા ભાવભર્યુ આમંત્રણ છે. ને આપણે અમરેલીના ઈતિહાસમાં સોનેરી અક્ષરોથી અંકીત કરીએ.
કાર્યક્રમની સુચી
તા. ૨૬/03/૨૦૨૬ ગુરૂવાર સાંજે ૪:30 કલાકે
કાર્યાલય (સીનીયર સીટીઝન પાર્ક) થી પ્રસ્થાન હરિરામબાપા સર્કલ - શ્રી નાગનાથ મહાદેવ મંદિર જીલ્લા પંચાયત રોડ - એસ.ટી.ડેપો- કેરીયા રોડ-લક્ષ્મીનારાયણ મંદિર - ભીડભંજન ચોક-રાજકમલ ચોક ટાવર ચોક - કાશ્મીરા ચોક - લાઈબ્રેરી ચોક- શ્રી રામજી મંદિર (સરકાર વાડા) ખાતે પૂર્ણાહુતી
પુજન તેમજ દિવ્ય આરતીઃ તા. ૨૬/03/૨૦૨૬ ગુરૂવાર સાંજે ૭:30 કલાકે
નિમંત્રક
વિશ્વ હિન્દુ પરિષદ - બજરંગ દળ / ગૌ-રક્ષા ટીમ - માતૃશકિત, દુર્ગાવાહિની - અમરેલી નગર
જીલ્લા અધ્યક્ષ વિજયભાઈ દેસાઈ
જીલ્લા મંત્રી ઈતેશભાઈ મહેતા
જીલ્લા સહમંત્રી પ્રકાશભાઈ શુકલા
જીલ્લા સહમંત્રી યુવરાજસિંહ પલવાર
નગર અધ્યક્ષ ભાવેશભાઈ કાબરીયા
નગર મંત્રી પંકજભાઈ કાનાણી
પ્રાંત અધ્યક્ષ હંસાબેન મકાણી
વિભાગ સંયોજીકા રમીલાબેન પટોળીયા
વિ.સંપર્ક પ્રમુખ રશ્મિનભાઈ ત્રિવેદી
કોષાધ્યક્ષ પંકજભાઈ ત્રિવેદી
જીલ્લા સંયોજક બજરંગદળ વિદુરભાઈ ડાબસરા
સહસંયોજક કરણભાઈ વાઝા
વિહિપ અમરેલી નગર ઉપાધ્યક્ષ રવિભાઈ પંડ્યા
ઉપાધ્યક્ષ શહેર વિહિપ મહેશભાઈ જળુ
બજરંગળ શહેર પ્રમુખ મહાવીરભાઈ વિછીયા
ગૌસેવા શહેર પ્રમુખ પ્રશાંતભાઈ ચુડાસમા
ગૌરક્ષા પ્રમુખ ભોજરાજભાઈ વાળા
ઉપાધ્યક્ષ શહેર વિહિપ અશ્વિનભાઈ વાઢેર
સંયોજીકા શહેર દુર્ગાવાહિની ગોપીબેન ચાવડા
સંયોજીકા માતૃશકિત નગર આરતીબેન ચોવટીયા

# LPG સિલિન્ડર બુકિંગના નિયમોમાં કોઈ ફેરફાર નથીઃ કેન્દ્ર સરકારે અફવાઓ પર સ્પષ્ટતા કરી

નવી દિલ્હી,તા.૨૫

કેન્દ્ર સરકારે એલપીજી સિલિન્ડર બુકિંગની સમયમર્યાદામાં ફેરફારના તમામ અહેવાલોને સત્તાવાર રીતે નકારી કાઢ્યા છે. પેટ્રોલિયમ મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે બુકિંગના વર્તમાન નિયમોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી અને હાલની સિસ્ટમ યથાવત છે.



તાજેતરમાં સોશિયલ મીડિયા અને કેટલાક મીડિયા અહેવાલોમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના (PMUY) માટે ૪૫ દિવસ, સિંગલ સિલિન્ડર માટે ૨૫ દિવસ અને ડબલ સિલિન્ડર માટે ૩૫ દિવસની નવી સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે. સરકારે આ દાવાઓને ભ્રામક ગણાવતા કહ્યું કે, રિફિલ બુકિંગ માટેની જૂની સમયમર્યાદા જ અમલમાં રહેશે, જે મુજબ શહેરી વિસ્તારોમાં ૨૫ દિવસ અને ગ્રામીણ વિસ્તારોમાં ૪૫ દિવસ પછી જ નવું બુકિંગ થઈ શકશે. આ નિયમ તમામ પ્રકારના જોડાણો પર સમાન રીતે લાગુ પડે છે.


પેટ્રોલિયમ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ ખાતરી આપી છે કે દેશમાં એલપીજી, પેટ્રોલ અને ડીઝલનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે. બધી રિફાઈનરીઓ પૂર્ણ ક્ષમતાથી કાર્યરત છે, તેથી નાગરિકોએ ગભરાટમાં આવીને બિનજરૂરી બુકિંગ ટાળવું જોઈએ. વધુમાં, સરકારે પાઈપ્ડ નેચરલ ગેસ (PNG) ને પ્રોત્સાહન આપતા એક જ દિવસમાં ૭,૫૦૦ નવા કનેક્શન આપવાની સિદ્ધિ પણ વર્ણવી હતી. રાજ્યોને વિતરણ પ્રણાલી વધુ મજબૂત કરવા સૂચના આપવામાં આવી છે જેથી પુરવઠો સરળતાથી મળી રહે.

## કેન્દ્ર સરકાર દ્વારા સર્વપક્ષીય બેઠક,પાંચ જહાજો ભારત પહોંચશે

ન્યુ દિલ્હી,તા.૨૫

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે બુધવારે ભાજપ અને વિપક્ષ વચ્ચે ઉગ્ર દલીલો જોવા મળી. કેન્દ્ર સરકાર તરફથી સર્વપક્ષીય બેઠક બોલાવવામાં આવી હતી. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતામાં યોજાયેલી સર્વપક્ષીય બેઠક પોણા બે કલાક સુધી ચાલી હતી. આ બેઠકમાં સરકાર તરફથી વિદેશ સચિવે વિપક્ષને માહિતી આપતા કહ્યું કે, ‘ડરવાની કોઈ જરૂર નથી. દેશમાં ઉર્જાના પૂરતા સંસાધનો ઉપલબ્ધ છે. પાંચ અન્ય જહાજ ભારત આવી રહ્યા છે. સ્થિતિ સંપૂર્ણ કાબૂમાં છે. વૈશ્વિક સ્થિતિ પર સંપૂર્ણ નજર છે.’ સર્વપક્ષીય બેઠક બાદ કિરેન રિજીજૂએ કહ્યું કે, ‘પક્ષોએ એકજૂટ રહેવાનો ભરોસો આપ્યો છે. વિપક્ષે કહ્યું છે કે તેઓ સરકારની સાથે છે. સ્ઝએ બેઠકમાં ભાગ ના લીધો. સરકારે વિપક્ષના તમામ સવાલોના જવાબ આપ્યા છે. મિડલ ઈસ્ટની પરિસ્થિતિની માહિતી આપી.’



સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
ગુરુવાર, તા.૨૬-૦૩-૨૦૨૬

# સાવરકુંડલા-લીલીયા વિધાનસભામાં માર્ગ સુવિધા માટે રૂ.૧૨.૨૫ કરોડ મંજૂર

**મહેશભાઈ કસવાળાએ મુખ્યમંત્રીનો આભાર માન્યો**



સાવરકુંડલા,તા.૨૫

સાવરકુંડલા અને લીલીયા તાલુકાના ગ્રામ્ય વિકાસને કેન્દ્રસ્થાને રાખીને ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના સતત પ્રયત્નોના પરિણામે ગુજરાત સરકાર દ્વારા માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) હસ્તકના વિવિધ કામો માટે રૂ.૧૨.૨૫ કરોડની મહત્વપૂર્ણ રકમ મંજૂર કરવામાં આવી છે. સુવિધાસભર ગામ -સશક્ત ગુજરાત ના વિઝનને સાકાર કરવાના ભાગરૂપે આ ગ્રાન્ટ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગ સુવિધામાં ગુણાત્મક સુધારો કરવામાં આવશે, જેનાથી નાગરિકોને સરળ અને સુરક્ષિત અવરજવર પ્રાપ્ત થશે.

આ વિકાસકાર્યો હેઠળ સાવરકુંડલા તાલુકાના અમૃતવેલ, ફાચરીયા, દેતડ, કેરાળા, વીરડી, દોલતી, કાનાતળાવ, વંડા, મેકડા, ઈંગોરાળા તેમજ લીલીયા તાલુકાના બવાડી, બવાડા, ઈંગોરાળા, પાંચતલાવડા અને નાના લીલીયા સહિત કુલ ૧૫ ગામોને સીધો લાભ મળશે. આ યોજનાના અમલીકરણથી ગામડાના મુખ્ય માર્ગોની સ્થિતિમાં મોટો સુધારો થશે, જે ગ્રામ્ય અર્થતંત્રને મજબૂતી આપી વિકાસને નવી ગતિ પ્રદાન કરશે.

ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, "રસ્તા માત્ર માર્ગ નથી, પરંતુ વિકાસની ધમની છે. આ કામો દ્વારા ગામોને શહેર જેવા વધુ મજબૂત રોડ બનાવવાનો પ્રયાસ છે, જે સમગ્ર વિસ્તારમાં સર્વાંગી વિકાસનું દ્રષ્ટાંત પૂરું પાડશે." આ જનહિતલક્ષી કામોને તાત્કાલિક મંજૂરી આપવા બદલ ધારાસભ્યએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો હૃદયપૂર્વક

# જાફરાબાદ પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક મળી



જાફરાબાદ,તા.૨૫

જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશન ખાતે આગામી પવિત્ર તહેવારોને અનુલક્ષીને શાંતિ સમિતિની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. ટાઉન પીઆઈ ભાઈકનના અધ્યક્ષસ્થાને મળેલી આ બેઠકમાં રામનવમી અને હનુમાન જયંતીના તહેવારોની શાંતિપૂર્ણ ઉજવણી કરવા અંગે ગહન ચર્ચા કરવામાં આવી હતી.

આ અવસરે જાફરાબાદના વેપારીઓ સહિત વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ, આરએસએસ અને વિવિધ સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પીઆઈ દ્વારા ખાસ ભારપૂર્વક જણાવવામાં આવ્યું હતું કે દરેક સમાજે પરસ્પર ભાઈચારો અને સુમેળ જાળવીને તહેવારોની ઉજવણી કરવી જોઈએ. તમામ આગેવાનોએ આ પવિત્ર પર્વો દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવામાં પોલીસને સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી ઉચ્ચારી હતી.

# વડિયાની મુલાકાતે ખોડલધામના ચેરમેન નરેશભાઈ પટેલ



વડિયા,તા.૨૫

અમરેલી જિલ્લાને લેઉવા પાટીદાર સમાજનો ગઢ માનવામાં આવે છે. લેઉવા પાટીદાર સમાજના આસ્થાના કેન્દ્ર સમા ખોડલધામ મંદિર અને ટ્રસ્ટ આ સમાજના લોકોને ધર્મ સાથે વિકાસ અને સેવાના ઉદ્દેશથી સામાજિક ઉથ્થાનની કામગીરી કરે છે. સમગ્ર રાજ્યમાં જ્યાં લેઉવા પાટીદાર સમાજની વસ્તી છે ત્યાં ખોડલધામ સંગઠન છે, આ સંગઠન સાથે જોડાયેલા વડિયાના પરેશભાઈ કોટડીયાના પુત્રના લગ્ન પ્રસંગે નરેશભાઈ પટેલ ઉપસ્થિત રહી ના શકવાને કારણે તેઓ ગઈકાલે તેમના નિવાસસ્થાને સામાજિક સબંધોરૂપી મહેમાન બન્યા હતા. આ સાથે અમરેલી જિલ્લા ખોડલધામ સમિતિની ટીમ પણ મેહમાન બની હતી અને કોટડીયા પરીવારના નવદંપતીને આશીર્વાદ પાઠવ્યા હતા. આ સાથે વડિયા વિસ્તારના આગેવાનો, સ્થાનિક વેપારીઓ સાથે પણ સામાજિક ચર્ચાઓ કરી હતી. આ મુલાકાતમાં નરેશભાઈ પટેલ સાથે પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઊંધાડ, જેનીબેન ઠુંમ્મર, ધર્મેન્દ્ર પાનસુરીયા, રવજીભાઈ પાનસુરીયા, મનીષ ઢોલરીયા અને ભીખુભાઈ વોરા સહિતના સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# જાફરાબાદના માછીમારોના પ્રશ્નો ઉકેલવા ગાંધીનગરમાં રજૂઆત : હીરાભાઈ સોલંકીની આગેવાનીમાં મંત્રી સાથે બેઠક



તસવીર : બાબુ વાઢેળ

જાફરાબાદ,તા.૨૫

જાફરાબાદ વિસ્તારના માછીમારોના લાંબા સમયથી પડતર વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે માછીમાર સમાજના આગેવાનો દ્વારા ગાંધીનગર ખાતે રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆત હીરાભાઈ સોલંકીના અધ્યક્ષસ્થાને કરવામાં આવી હતી, જેમાં જીગ્નેશભાઈ પટેલ, ભગુભાઈ સોલંકી, હરસુરભાઈ લખનોતરા અને સાગરભાઈ સરવૈયા સહિતનું પ્રતિનિધિ મંડળ જોડાયું હતું. હીરાભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, ગાંધીનગર ખાતે રાજ્યના કૃષિ, સહકાર અને મત્સ્યોદ્યોગ મંત્રી જીતુભાઈ વાઘાણી સાથે સૌજન્ય મુલાકાત કરી જાફરાબાદ જેટીનું વિકાસ કામ, દરિયાઈ માર્ગ માટે જરૂરી ડ્રેજિંગ કાર્ય તેમજ રાજુલા તાલુકાના ચાંચ ગામની જેટી સહિતના મહત્વપૂર્ણ મુદ્દાઓ પર વિગતવાર રજૂઆત કરવામાં આવી હતી.

# સા.કુંડલાના નાના બસ સ્ટેશન વિસ્તારમાં રસ્તાની કામગીરી બાબતે મુસાફરોને હાલાકી

સાવરકુંડલા,તા.૨૫

સાવરકુંડલા શહેરના નાના બસ સ્ટેશન વિસ્તારમાં હાલ રસ્તાની કામગીરી ચાલી રહી છે, જેના કારણે મુસાફરોને અત્યંત હાલાકી ભોગવવી પડી રહી છે. ખાસ કરીને જેસર, મહુવા અને રાજુલા તરફ જતા મુસાફરો આ સ્થળે બસની પ્રતીક્ષા કરે છે, પરંતુ ત્યાં બેસવા માટેની વ્યવસ્થા, પીવાનું પાણી કે છાંયડાનો અભાવ જોવા મળે છે. કાળઝાળ ગરમીમાં વૃધ્ધો, મહિલાઓ અને બાળકોની હાલત દયનીય બની રહી છે. સામાજિક કાર્યકર મનજીભાઈ તળાવીયાએ તંત્રને રજૂઆત કરી છે કે જ્યાં સુધી કામગીરી ચાલુ રહે ત્યાં સુધી મુસાફરો માટે તાત્કાલિક



અસ્થાયી શેડ અને પીવાના પાણીની સુવિધા ઊભી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

## ધોમધખતા તાપમાં અમરેલી પીજીવીસીએલની કામગીરી



અમરેલીમાં અચાનક તાપમાનનો પારો સડસડાટ ઉંચે ચડતા શહેરીજનો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. ગરમીમાં શહેરીજનો મોટાભાગે ઘરમાં પૂરાઈ રહેવાનું પસંદ કરે છે ત્યારે આવા સમયે પોતાના પેટનો ખાડો પૂરવા માટે આવા ધોમધખતા તાપમાં પીજીવીસીએલના લેબર કોન્ટ્રાકટરોના કામદારો વીજપોલ ચડી કેબલ બદલાવાની કામગીરી કરતા નજરે પડે છે.


## પાંજરાપોળ ગૌશાળા અમરેલી

### ગૌશાળામાં રહી શકે તેવા મેનેજરની જરૂર છે

અનુભવીની પ્રથમ પસંદગી - રહેવાનું કવાટર આપવામાં આવશે - ગૌશાળામાં રહેવુ જરૂરી છે.
અરજી તથા ફોટા સાથે ૧૫ દિવસમાં રૂબરૂ નીચેના સરનામે મળો

અમરેલી પાંજરાપોળ ગૌશાળામાં ૧૦૦૦ થી વધારે ગૌમાતા ગૌવંશ માટે ઘાસચારાની અત્યંત જરૂરીયાત છે. શીંગપાલો, લીલું, જુવારની કડબ જાઈએ છે. ચણાનું ખારીચું તુવેરનો પાલો વાલનો પાલો દાનથી સ્વીકારીશું

**ઓફીસ એડ્રેસ : પાંજરાપોળ ગૌશાળા, જીવદયા ભવન**

**પાણી દરવાજા રોડ, અમરેલી - ૭૯૮૪૫ ૩૪૫૨૨**

### કાટમાળ તથા ઈમલો

૨૫૦૦ ફુટ વિલાયતી નળીયાવાળો કાટમાળ આપવાનો છે. તથા અંદાજે ૧૦૦૦ ફુટ સ્લેબ તોડવાનો છે. રસ ધરાવનારે પાંજરાપોળ ગૌશાળા, અમરેલીનો સંપર્ક કરવો.

| પાંજરાપોળ ગૌશાળા | ગૌશાળા ઓફીસ | દિલીપભાઇ પરીખ |
|---|---|---|
| મો. ૯૪૯૯૮૮૩૩૦૪ | મો. ૭૯૮૪૫ ૩૪૫૨૨ | મો. ૯૮૨૫૫ ૪૯૧૧૭ |
| મુકુંદભાઇ ગઢીયા | | વસંતભાઇ પોકળ |
| મો. ૯૩૨૮૬ ૧૨૦૬૪ | | મો. ૯૪૨૬૪ ૭૧૪૭૨ |


# લીલીયાના પૂતળીયા (દાડમા) હનુમંત સાયકલના કો.ઓર્ડિનેટરે સોમનાથ સુધી સાયકલ યાત્રા કરી



લીલીયા,તા.૨૫

ભાવનગર સાયકલિંગ ક્લબ દ્વારા આયોજિત ભાવનગરથી સોમનાથ સુધીની ૨૭૦ કિલોમીટરની પડકારજનક સાયકલ યાત્રામાં અમરેલીના શિક્ષક વિશાલભાઈ ગઢિયાએ ઝળહળતી સફળતા મેળવી છે. પૂતળીયા (દાડમાં) ગામે ફરજ બજાવતા અને હનુમંત સાયકલ રાઈડર્સના કો-ઓર્ડિનેટર વિશાલભાઈએ માત્ર ૧૧ સાયકલિસ્ટોની ટુકડી સાથે જોડાઈને આ અંતર રેકોર્ડબ્રેક સમયમાં પૂર્ણ કર્યું હતું. આ યાત્રા ૨૦ માર્ચ ૨૦૨૬ના રોજ વહેલી સવારે ૪:૦૦ કલાકે શરૂ થઈ હતી અને ૨૨ માર્ચના રોજ સવારે ૬:૦૦ કલાકે સોમનાથ પહોંચીને સંપન્ન થઈ હતી. તેમના મિત્રો દ્વારા તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા અને વિશાલભાઈએ યુવાનોને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત થઈ હનુમંત સાયકલ રાઈડર્સમાં જોડાવા આહવાન કર્યું હતું.


Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

## કારકેર સેન્ટર

(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોન: ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧ા || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||

અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



## યમુના જ્વેલર્સ

(અમરાપુર વાળા)

અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.

- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ

**અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.**

સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.

શ્રી હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૯

# અમરેલીમાં સસ્પેન્ડેડ બે ભાજપ સભ્યોએ કાર્યાલય પર જઈ રાજીનામું આપતા ચકચાર

અમરેલી,તા.૨૫

અમરેલીના જશવંતગઢ ગામના અશોક માંગરોળીયા અને નિલેશ સાવલિયાએ ભાજપ કાર્યાલયે પહોંચી કેસરી ખેસ પહેરીને રાજીનામું આપતા રાજકારણ ગરમાયું છે. અશોકભાઈએ આક્ષેપ કર્યો કે ૨૫ વર્ષની મહેનત છતાં પક્ષમાં લોકશાહી નથી અને માત્ર એક જ વ્યક્તિનું શાસન ચાલે છે, જેના



કારણે તેમને અન્યાય થયો છે. જોકે, જિલ્લા ભાજપ મહામંત્રી રાજુ ભૂતેયાએ વળતો પ્રહાર કરતા સ્પષ્ટતા કરી કે આ બંનેને ૨૯ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ પક્ષ વિરોધી પ્રવૃત્તિ બદલ પહેલેથી જ સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. ભાજપના મતે આ માત્ર પક્ષને બદનામ કરવાનો દેખાવ છે. આ ઘટના પાછળ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું ગણિત હોવાનું ચર્ચાઈ રહ્યું છે. અશોકભાઈ માંગરોળીયાએ જણાવ્યું હતું કે હું ૪ ટર્મથી ભાજપનો સક્રિય સભ્ય હોય ત્યારે પક્ષ તરફથી મને સસ્પેન્ડ કરવા માટેનો કોઈ ખુલાસો કરવામાં આવ્યો નથી.

# ખાંભા-તુલસીશ્યામ રેન્જ નીચે વનવિભાગે સસલાનો શિકાર કરતા બે ઝડપ્યા

**બંને ઈસમો પાસેથી રૂા.૨૫,૦૦૦નો દંડ વસુલ્યો**

ખાંભા,તા.૨૫

ખાંભા તુલસીશ્યામ રેન્જ હેઠળ આવતા ચકરાવા ગામ નજીક વનવિભાગની ટીમે ગેરકાયદેસર શિકાર પર કડક કાર્યવાહી કરી છે. મોડી રાત્રે પેટ્રોલિંગ દરમિયાન વનવિભાગના કર્મચારીઓએ વાડી વિસ્તારમાં જાળી બિછાવી સસલાનો શિકાર કરતા બે શખ્સોને રંગેહાથે ઝડપી લીધા હતા. પકડાયેલા શખ્સોમાં ભરતભાઈ રામભાઈ વાઘેલા અને રાકેશભાઈ ભગવાનભાઈ ડોડીયાનો સમાવેશ થાય છે.



વનવિભાગે આ બંને આરોપીઓ પાસેથી વન્યજીવ સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ હેઠળ ગુનો નોંધી કુલ ૨૫,૦૦૦ રૂપિયાનો દંડ વસૂલ કર્યો છે. વનવિભાગે ઘટનાસ્થળેથી શિકાર માટે વપરાતી જાળી, ટોર્ચ અને એક મૃત સસલું કબજે કર્યું છે. ગીર બોર્ડર અને જંગલ વિસ્તારમાં વન્ય પ્રાણીઓની સુરક્ષા માટે વનવિભાગ વધુ સક્રિય બન્યું છે અને આવી પ્રવૃત્તિઓ સામે કડક વલણ અપનાવ્યું છે.

# બગસરામાં ટેકાના ભાવે ચણાની ખરીદીનું મુહૂર્ત કરાયુ

બગસરા,તા.૨૫



બગસરામાં બગસરા ખેડૂત વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી દ્વારા ટેકાના ભાવે ખરીદીનું શાસ્ત્રોક્ત વિધિ સાથે મુહૂર્ત કરવામાં આવ્યું છે. ધારી રોડ પર આવેલી સ્વસ્તિક સ્કૂલ ખાતે આ ખરીદી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. જોકે હાલમાં વરસાદની આગાહી હોવાથી ખેડૂતોના પાકને નુકસાન ન થાય તે હેતુથી પ્રત્યક્ષ ખરીદી આગામી ૧ એપ્રિલ, ૨૦૨૬ થી શરૂ કરવાનો મહત્વનો નિર્ણય લેવાયો છે. આ સરકારી ખરીદીનો લાભ લેવા માટે કુલ ૩૪૯૬ જેટલા ખેડૂતોએ નોંધણી કરાવી છે.

# સાવરકુંડલામાં અટલધારા કાર્યાલય ખાતે તાલુકા ભાજપની બેઠક યોજાઈ

સાવરકુંડલા,તા.૨૫

સાવરકુંડલા તાલુકા ભારતીય જનતા પાર્ટી દ્વારા અટલધારા કાર્યાલય ખાતે એક અત્યંત મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય આગામી સમયમાં પક્ષ દ્વારા હાથ ધરવામાં આવનારા વિવિધ સંગઠનાત્મક કાર્યક્રમોનું સચોટ આયોજન



અને અમલીકરણ કરવાનો હતો. બેઠકમાં વિશેષ કરીને આગામી ટિફિન બેઠક, સઘન ઘર-ઘર સંપર્ક અભિયાન અને ભારતીય જનતા પાર્ટીના આગામી સ્થાપના દિવસની ઉજવણીના આયોજન અંગે ગહન ચર્ચાઓ કરવામાં આવી હતી. પક્ષના પાયાના કાર્યકર્તાઓ સુધી પહોંચવા અને જનસંપર્ક વધારવા માટે આ તમામ કાર્યક્રમોની એક ચોક્કસ રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી જેથી દરેક સ્તરે સફળતા સુનિશ્ચિત કરી શકાય.

# ધારીના દેવળા ગામે મધમાખીઓએ ૬ લોકોને ડંખ મારતા સારવારમાં ખસેડાયા

ધારી,તા.૨૫

ધારી તાલુકાના દેવળા ગામે મધમાખીના હુમલાની એક ગંભીર ઘટના બની હતી જેમાં કુલ છ વ્યક્તિઓને ઝેરી ડંખ વાગ્યા હતા. આ અકસ્માત ત્યારે સર્જાયો જ્યારે ગામના બસ સ્ટેન્ડ નજીક લોકો બેઠા હતા અને અચાનક મધમાખીનું એક મોટું ટોળું ત્રાટક્યું હતું. ઝેરી મધમાખીઓના હુમલાને કારણે ત્યાં ઉપસ્થિત લોકોમાં ભારે અફરાતફરી અને નાસભાગ મચી ગઈ હતી. આ હુમલામાં ગંભીર રીતે અસરગ્રસ્ત થયેલા તમામ છ લોકોને તાત્કાલિક ધોરણે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ધારીની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં ફરજ પરના તબીબો દ્વારા તેઓને જરૂરી પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી અને હાલ તમામની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટનાને પગલે સ્થાનિક ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

# અમરેલીનો ફરાર ગેંગરેપનો આરોપી સિવિલ હોસ્પિટલમાંથી ઝડપાયો

**આરોપી સિવિલ હોસ્પિટલમાંથી પણ ભાગવાની પેરવીમાં હતો**

અમરેલી, તા.૨૫

ભાવનગર રેન્જ આઈ.જી. આર.વી. અસારી અને અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતની સૂચના હેઠળ, પેરોલ ફર્લો સ્કવોર્ડે એક અત્યંત ચતુર અને ગંભીર ગુનાના કેદીને ઝડપી પાડવામાં સફળતા મેળવી હતી. રાજકોટ મધ્યસ્થ જેલમાંથી ફર્લો રજા પર છૂટ્યા બાદ ફરાર થયેલા ગેંગ રેપના પાકા કામના કેદીને અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતેથી દબોચી લેવામાં આવ્યો હતો.

પકડાયેલા કેદી ઈમરાન ઉર્ફે ઈમુ (કિશન ચંદુભાઈ સોલંકી) અનીફભાઈ સૈયદ (કાદરી) વિરુધ્ધ અમરેલી સિટી પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૧૯માં ગેંગ રેપનો ગુનો નોંધાયો હતો. આ ગુનામાં તે રાજકોટ મધ્યસ્થ જેલમાં સજા ભોગવી રહ્યો હતો. દરમિયાન, તે ફર્લો રજા પર જેલની બહાર આવ્યો હતો, પરંતુ રજા પૂર્ણ થવા છતાં જેલમાં હાજર થયો નહોતો અને ૨૪ માર્ચ ૨૦૨૬ થી ફરાર જાહેર થયો હતો.

જેલમાં પાછા ન જવું પડે તે માટે કેદીએ આત્મહત્યાનો સ્વાંગ રચ્યો હતો. તેણે બ્લેડ વડે પોતાના ડાબા હાથની નસ કાપી નાખી હતી અને સારવાર માટે અમરેલી સિવિલ હોસ્પિટલમાં દાખલ થયો હતો. ત્યાંથી પણ તે ભાગવાની પેરવીમાં હતો, પરંતુ એલ.સી.બી. પી.આઈ. એ.ડી. ચાવડાના માર્ગદર્શનમાં પીએસઆઈ એન.જી. સાપરા અને તેમની ટીમે તાત્કાલિક વોચ ગોઠવી તેને હોસ્પિટલમાંથી જ ઝડપી પાડ્યો હતો. આ સફળ કામગીરીમાં પીએસઆઈ એન.જી. સાપરા, એ.એસ.આઈ. એ.એમ. સોલંકી, જે.જી. ઝાલા અને હેડ કોન્સ્ટેબલ સતારશા શેખ સહિતના સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

# અમરેલીમાં 'ઈદ-એ-મિલન' અને 'સ્નેહમિલન'નું આયોજન

અમરેલી,તા.૨૫

અમરેલીમાં મેમણ જમાત દ્વારા 'ઈદ-એ-મિલન' અને 'સ્નેહ સંમેલન'નું આયોજન કરવામાં આવ્યું હતું. સમાજમાં પરસ્પર પ્રેમ, સદભાવના અને ભાઈચારાની ભાવના મજબૂત કરવાનો હતો. વર્તમાન સમયમાં સામાજિક એકતા અને પરસ્પર સહયોગ અનિવાર્ય છે, ત્યારે અમરેલી મેમણ જમાત દ્વારા એક પ્રશંસનીય પહેલ કરવામાં આવી છે. અમરેલીના સમસ્ત મુસ્લિમ સમાજને એક મંચ પર લાવવા અને ભાઈચારાની ભાવનાને વધુ સુદ્રઢ બનાવવા માટે 'સ્નેહ મિલન-૨૦૨૬' નું આયોજન કરવામાં આવ્યું છે. જમાતના હોદ્દેદારોએ જણાવ્યું



હતું કે, "આ અમારો નમ્ર પ્રયાસ છે કે અમરેલીના તમામ મુસ્લિમ બિરાદરો વચ્ચે પ્રેમ વધે અને આપણે સૌ એકબીજાના સુખ-દુઃખમાં સહભાગી બનીએ. આ સ્નેહ મિલન કોઈ પણ જાતના ભેદભાવ વગર સમગ્ર મુસ્લિમ સમાજની એકતાનું પ્રતીક બની રહેશે.

## અવસાન નોંધ

**રાજકોટ**

સ્વ.જયસુખભાઈ પરસોત્તમભાઈ ગોપાણીનું તા.૨૪/૦૩/૨૦૨૬ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણુ તા. ૨૬/૦૩/૨૦૨૬ને ગુરુવારના રોજ સવારે ૮થી ૧૦ વાગ્યે અમારા નિવાસ સ્થાને સુવર્ણ ભૂમિ, બેન્કવેટ હોલ, સ્પીડવેલ પાર્ટી પ્લોટ ચોક, અંબિકા ટાઉનશિપ, રાજકોટ ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

સ્વ.પ્રભુદાસ સોમચંદ દોશી (ઉ.વ.૮૯) નું તા.૨૨/૦૩/૨૦૨૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે સુરેશભાઈ સોમચંદ દોશીના ભાઈ તથા સુનિલભાઈ, રાજેશભાઈના પિતાશ્રી થાય છે. તેમની સદગતની સાદડી તા.૨૬/૦૩/૨૦૨૬ને ગુરુવારના રોજ સવારે ૧૦ થી ૧૨ વિશાશ્રી માળી જૈન મહાજન વાડી સાવરકુંડલા ખાતે રાખેલ છે.















## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ગીરગઢડાની કોર્ટમાં //-

નં. જન્મ-મરણ કેસ.નં. 40/2026

પ્રતિ,
ધીરૂભાઈ મધુભાઈ સોજીત્રા,
રહે.બંધારડા, તા. ગીરગઢડા, જિ. ગીરસોમનાથ
વકીલશ્રી એસ.બી.ભાલીયા, ગીરગઢડા ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, બંધારડા, તા. ગીરગઢડા,
જિ. ગીરસોમનાથ .........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરગઢડા તાલુકાના બંધારડા ગામના રહીશ ધીરૂભાઈ મધુભાઈ સોજીત્રા તથા વિમળાબેન ધીરૂભાઈ સોવીત્રાના પુત્રી મમતાબેન ધીરૂભાઈ સોજીત્રાનો જન્મ તારીખ.01/06/1986ના રોજ ગીરગઢડા તાલુકાના બંધારડા ગામ ખાતે થયેલ છે, જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, બંધારડા તાલુકો-ગીરગઢડા સને-1986 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરાવવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૭/૦૩/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૬/૦૨/૨૦૨૬નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

**સહી**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**ગીરગઢડા**

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૩/૨૦૨૬

અરજદાર : શ્રી મકવાણા રામભાઈ કથડભાઈ
સરનામુ : મું.કડીયાળી તા.જાફરાબાદ જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - કડીયાળી
મું.કડીયાળી તા.જાફરાબાદ જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના કડીયાળી** ગામના **શ્રી મકવાણા રામભાઈ કથડભાઈ** એ તેમના **માતા નામે શ્રી સ્વ. ભીખીબેન કથડભાઈ મકવાણા નું મરણ** તા.૧૩/૦૮/૧૯૮૧ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.એન.ખટાણા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૫ માહે. જાન્યુઆરી સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૧૫/૦૧/૨૦૨૬**
(કોર્ટનો સિક્કો)
**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૨/૨૦૨૬

અરજદાર : શ્રી લુણવરા ચંપુભાઈ આપાભાઈ
સરનામુ : મું.લોઠપુર તા.જાફરાબાદ જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - લોઠપુર
મું.લોઠપુર તા.જાફરાબાદ જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના લોઠપુર** ગામના **શ્રી લુણવરા ચંપુભાઈ આપાભાઈ** એ તેમની **પુત્રી નામે કાજલબેન ચંપુભાઈ લુણવરા નો જન્મ** તા.૩૦/૦૩/૨૦૦૨ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.એન.ખટાણા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૫ માહે. જાન્યુઆરી સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૧૫/૦૧/૨૦૨૬**
(કોર્ટનો સિક્કો)
**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૧/૨૦૨૬

અરજદાર : શ્રી જોળીયા ભીખાભાઈ હમીરભાઈ
સરનામુ : મું.ખાલસા કંથારીયા તા.જાફરાબાદ જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - ખાલસા કંથારીયા
મું.ખાલસા કંથારીયા તા.જાફરાબાદ જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના ખાલસા કંથારીયા** ગામના **શ્રી જોળીયા ભીખાભાઈ હમીરભાઈ** એ તેમની **પુત્ર નામે જોળીયા નિકુલભાઈ હમીરભાઈ નો જન્મ** તા.૧૦/૦૬/૧૯૯૬ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.એન.ખટાણા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૫ માહે. જાન્યુઆરી સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૧૫/૦૧/૨૦૨૬**
(કોર્ટનો સિક્કો)
**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

# રાજુલાના ભેરાઈગામના આરોગ્ય કેન્દ્રમાં ફાર્માસિસ્ટનો વિદાય સમારંભ યોજાયો

રાજુલા,તા.૨૫

ભેરાઈના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં આજે ફાર્માસિસ્ટ જીતેન્દ્ર જોશીનો વિદાય સમારંભ યોજાયો હતો, તેઓ ૨૮/૦૨/૨૦૨૬ના રોજ નિવૃત્ત થયાં હોવાથી તેમના સન્માનમાં આ સમારંભ યોજાયો હતો. આ સાથે હેલ્થ વર્કરને રાજુભાઈ જોશીને પણ વિદાયમાન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડો. જાની, સુપરવાઈઝર લીલાબેન રાઠોડ, લેબ ટેકનિશિયન જયંતીભાઈ પરમાર, સુપરવાઈઝર નાનજીભાઈ જોગદિયા, અલકેશભાઈ શ્રીમાળી, પરેશભાઈ પંડ્યા, હાર્દિકભાઈ પંડ્યા, હાર્દિકભાઈ ધાંધલિયા, ડેટા ઓપરેટર ઘનશ્યામભાઈ મહેતા, ધવલભાઈ વાણિયા, રેખારામ, ભાવેશભાઈ બળદાણિયા, માવજીભાઈ ગઢદરા, ભાવેશભાઈ વેલારિયા, નયનાબેન મકવાણા, પાયલબેન મોરી, ચાંદનીબેન ભુવા, રક્ષાબેન જોગદિયા, મિતલબેન કળસરિયા, દષ્ટિબેન વાજા તેમજ નવા ફાર્માસિસ્ટ ભારતીબેન શિયાળ સહિતના સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.


તસવીર : ગોપાલ રાઠોડ

# ધારીના મીઠાપુર નક્કી ગામે જમીન વિવાદમાં પાંચ શખ્સોએ ખેતરમાં ઘુસી કોદાળી અને ખપાળી વડે હુમલો કર્યો

ધારી, તા.૨૫

ધારી તાલુકાના મીઠાપુર નક્કી ગામે જમીન માલિકીના વિવાદમાં પાંચ શખ્સોએ એકસંપ કરી ફરિયાદી અને તેના મિત્ર પર જીવલેણ હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી હતી. આ હુમલામાં ફરિયાદીને માથામાં ટાંકા આવ્યા છે જ્યારે અન્ય એક યુવકને હાથમાં ફ્રેક્ચર થયું હતું. આ અંગે જુનાગઢમાં રહેતા નરેશભાઈ અરજણભાઈ સોલંકી (ઉ.વ.૩૯) એ ધારીના બોરડી ગામે રહેતા લાલજીભાઈ ઉર્ફે લલીતભાઈ હરજીભાઈ શીરોયા, ભદ્રેશભાઈ હરજીભાઈ શીરોયા, અશોકભાઈ શીરોયા, નારણભાઈ શીરોયા તથા સુરેશભાઈ પાંચાભાઈ કોટડીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ અને તેમના મિત્ર સિધ્ધરાજભાઈ નટુભાઈ ખુમાણ મીઠાપુર નક્કી ગામે પોતાની વેચાતી રાખેલી જમીનમાં આંટો મારવા ગયા હતા. આ સમયે આરોપીઓ ત્યાં ટ્રેક્ટર ચલાવી રહ્યા હતા. તેમણે આ જમીન પોતાના નામે હોવાના દસ્તાવેજી પુરાવા અને ૭-૧૨ માં નામ હોવાનું જણાવી આરોપીઓને પૂછપરછ કરી હતી. જમીનના પુરાવા માંગતા જ ઉશ્કેરાયેલા પાંચેય આરોપીઓએ ગાળાગાળી શરૂ કરી હતી અને હિંસક હુમલો કર્યો હતો. તેમજ તેમને માથામાં કોદાળી ઝીંકી દેતા ટાંકા આવ્યા હતા. હુમલો કર્યા બાદ પાંચેય આરોપીઓએ ગેરકાયદે મંડળી રચી તેમના અને સાહેદને જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છૂટ્યા હતા.

# લાઠીના ભુરખીયા ગામે કૂવામાં કબૂતર પકડવા ઉતરેલા પુરુષનું ડૂબી જવાથી મોત

લાઠી, તા. ૨૫

લાઠી તાલુકાના ભુરખીયા ગામે યુવક કૂવામાં કબૂતર પકડવા માટે ઉતર્યો હતો, પરંતુ અચાનક હાથમાંથી દોરડું છૂટી જતાં તે ઊંડા પાણીમાં ખાબક્યો હતો અને ડૂબી જવાથી તેનું અકાળે અવસાન થયું હતું. આ અંગે મૂળ મધ્ય પ્રદેશના અલીરાજપુરના લીલુમારી, કુશીઆંબલી ફળીયાના અને હાલ ભુરખીયા ગામે પ્રકાશભાઈ બારડની વાડીએ રહેતા સુમારીયા ઉર્ફે રમેશ વિક્રમભાઈ અજનારએ જાહેર કર્યા મુજબ, વિક્રમભાઈ ઈડીયાભાઈ અજનાર (ઉ.વ.૬૦) ભુરખીયા ગામની સીમમાં આવેલા એક કૂવામાં કબૂતર પકડવા માટે યુવક દોરડાના સહારે અંદર ઉતરી રહ્યો હતો. આ દરમિયાન અચાનક તેના હાથમાંથી પકડ છૂટી ગઈ હતી અને તે સીધો કૂવાના પાણીમાં જઈ પડ્યો હતો. કૂવામાં પાણી વધુ હોવાને કારણે બહાર નીકળી શક્યો નહોતો અને ડૂબી જવાથી કરૂણ મોત નીપજ્યું હતું.

# ચલાલામાં ૨૬ માર્ચે પ્રભુ શ્રી રામચંદ્રજીની ભવ્ય શોભાયાત્રા: સંતો-મહંતોની પ્રેરક ઉપસ્થિતિમાં નીકળશે 'રામ સવારી'

ચલાલા, તા.૨૫

ચલાલા (દાનાભગત)ની પાવન ધરા પર આગામી ૨૬ માર્ચ, ૨૦૨૬ ને ગુરુવારના રોજ મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામના જન્મોત્સવ નિમિત્તે એક અત્યંત પ્રભાવશાળી અને ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ દિવ્ય મહોત્સવનો શુભારંભ પરમ પૂજ્ય સંતો-મહંતોના હસ્તે દીપ પ્રાગટ્ય વિધિ અને વેદોક્ત મંત્રોચ્ચાર સાથે કરવામાં આવશે.



બપોરે ૩:૦૦ કલાકે ફૂલવાડી પ્લોટ સ્થિત ત્રિવેણી સંગમ માનવ મંદિર ખાતેથી આ શોભાયાત્રા અત્યંત દબદબાભેર પ્રસ્થાન કરશે. શોભાયાત્રાના નિર્ધારિત માર્ગ મુજબ, પ્રભુની આ સવારી ફૂલવાડી પ્લોટથી પ્રારંભ થઈ મહાદેવપરા શ્રી રામજી મંદિર, સાટોડી પરા અને ઝાળવાળી શેરીમાં પરિભ્રમણ કરશે. ભીમનાથ મંદિર અને બસ સ્ટેન્ડ થઈને આ આસ્થાની સરવાણી પુનઃ ત્રિવેણી સંગમ માનવ મંદિર ખાતે ધર્મસભાના રૂપમાં વિરામ લેશે. આ આયોજનને પગલે શહેરના માર્ગો પર ધજા-પતાકા અને બેનરો લાગવાથી સમગ્ર માહોલ કેસરિયો બની ગયો છે અને શહેરીજનોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# અમરેલીની મીલમાં બંધ મકાનનું તાળું તોડી રૂ.૧.૫૧ લાખની મત્તાની ચોરી

અમરેલી, તા.૨૫

અમરેલી શહેરમાં તસ્કરો ફરી એકવાર સક્રિય થયા હોય તેમ લાગી રહ્યું છે. અમરેલીની મીલમાં એક બંધ મકાનને નિશાન બનાવી તસ્કરો સોના-ચાંદીના દાગીના સહિત કુલ રૂપિયા ૧,૫૧,૫૦૦ ની મત્તા ચોરી કરી પલાયન થઈ ગયા હોવાની ઘટના સામે આવી હતી. બનાવ સંદર્ભે મૂળ ઉત્તરપ્રદેશના ફિરોઝાબાદના અને હાલ અમરેલીની મીલમાં રહેતા રાહુલભાઈ ઈશ્વરપ્રસાદી કુસ્વાહા (ઉ.વ.૩૨)એ અભિષેક કુસ્વાહા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપી મીલ પાસે આવેલા એક મકાનનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો હતો. ઘરમાં રાખેલા સેટી પલંગમાં પડેલા પાકીટને ફંફોસી તસ્કરોએ કિંમતી ઘરેણાં પર હાથ સાફ કર્યો હતો. જેમાં સોનાના દાગીના, ચાંદીની વસ્તુ અને સોનાટા કંપનીની કાંડા ઘડિયાળ મળી કુલ રૂ. ૧,૫૧,૫૦૦ ની મત્તા ચોરી હતી.

# અમરેલીમાં કતલના ઈરાદે ટ્રકમાં ક્રૂરતાપૂર્વક બાંધેલી ૧૧ ભેંસોને પોલીસે મુક્ત કરાવી

અમરેલી, તા.૨૫

અમરેલીમાં એક ટ્રકમાં અત્યંત નિર્દયતાપૂર્વક ઘાસચારા કે પાણીની સુવિધા વગર કતલખાને લઈ જવાતી ૧૧ ભેંસોને પોલીસે બચાવી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. અમરેલીમાં રહેતો સાબીરભાઈ યુનુસભાઈ કાલવા (ઉ.વ.૨૯) પોતાના હવાલાવાળા ટ્રકમાં પશુ ભરીને જઈ રહ્યો હતો ત્યારે પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. તપાસ દરમિયાન ટ્રકમાંથી અંદાજે રૂપિયા ૨,૭૫,૦૦૦ ની કિંમતની કુલ ૧૧ ભેંસો મળી આવી હતી. આ પશુઓને ટ્રકમાં અત્યંત ટૂંકા દોરડાથી ખીચોખીચ એવી રીતે બાંધવામાં આવ્યા હતા કે તેઓ હલનચલન પણ કરી શકતા ન હતા. પશુઓને કોઈપણ પ્રકારના ઘાસચારા કે પાણીની સગવડ વગર ગોંધી રાખવામાં આવ્યા હતા. તેમજ પશુઓની હેરાફેરી માટે આરોપી પાસે કોઈ પણ પ્રકારની પાસ-પરમિટ નહોતી. મહેબુબભાઈ ઈબ્રાહિમભાઈ કાલવાએ પોતાના તબેલા પરથી આ ભેંસોને કતલ કરવાના ઈરાદે ટ્રકમાં ભરી આપી હતી. પોલીસે રૂપિયા ૫ લાખની કિંમતનો ટ્રક અને રૂપિયા ૨.૭૫ લાખની કિંમતની ૧૧ ભેંસો મળી કુલ રૂપિયા ૭.૭૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી.

# બગસરામાં રામનવમીની ભવ્યાતિભવ્ય ઉજવણી માટે તડામાર તૈયારીઓ શરૂ

બગસરા,તા.૨૫

બગસરામાં ગુરુવારે શ્રી રામ જન્મોત્સવની ભવ્ય ઉજવણીના ભાગરૂપે ભવ્ય શોભાયાત્રા, શોભાયાત્રા બાદ ભવ્ય ધર્મ સભા વગેરેનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી હનુમાનજીના નાના એવા બાળ ઉપાસક આર્યન ભગત, અન્ય મંદિરોના સંતો-મહંતો આશીર્વચન આપીને શહેરની ધર્મપ્રેમી જનતાને શ્રી રામનો મહિમા સંભળાવશે. ત્યારબાદ મહાઆરતીનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જયારે આ શોભાયાત્રા ૨૬ માર્ચને બપોરના ૩:૩૦ કલાકે શહેરના મુખ્ય માર્ગ જેવા કે શ્રી સૂર્યમુખી હનુમાન મંદિર, નવા જીનપરાથી પ્રારંભ થશે, ત્યારબાદ શહેરના મુખ્ય માર્ગો પર ફરી વાંઝા જ્ઞાતિ સમાજ પાર્ટી પ્લોટ પોલીસ સ્ટેશન પાસે તેની પૂર્ણાહુતિ થશે. પૂર્ણાહુતિ બાદ મહા આરતી રાત્રે ૮:૦૦ કલાકે કરાશે. પછી ધર્મસભા અને બાદમાં પ્રસાદની પણ વ્યવસ્થા કરવામાં આવેલી છે.

# રાજુલામાં જાહેર માર્ગો પર દબાણ કરનારા ફેરિયાઓ સામે પોલીસની લાલઆંખ

રાજુલા, તા.૨૫

શહેરના મુખ્ય માર્ગો પર આડેધડ ઉભી રહેતી લારીઓને કારણે સર્જાતી ટ્રાફિકની સમસ્યાને હળવી કરવા માટે રાજુલા પોલીસ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જાહેર રોડ પર રાહદારીઓ અને વાહનોને અડચણ થાય તે રીતે લારીઓ ઉભી રાખનારા બે શખ્સો વિરુધ્ધ પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી. મળતી માહિતી મુજબ, રાજુલા પોલીસે પેટ્રોલિંગ દરમિયાન જાહેર માર્ગો પર ટ્રાફિકમાં અવરોધ ઉભા કરતા બે અલગ-અલગ કિસ્સાઓમાં કાર્યવાહી કરી હતી. ફ્રૂટની લારી અને ડુંગળીની લારી લઈને બે વિક્રેતા જાહેર માર્ગ પર ટ્રાફિકને નડતરરૂપ થાય તેવી સ્થિતિમાં રાખીને વેચાણ કરતા પકડાયા હતા. આ લારીને કારણે રસ્તા પરથી પસાર થતા વાહનોને ભારે મુશ્કેલી પડી રહી હતી. રાજુલાના મુખ્ય બજારો અને રોડ પર લારીઓના દબાણને કારણે અવારનવાર ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે, જેને જોતા આગામી દિવસોમાં પણ આવી ઝુંબેશ ચાલુ રહે તેવી શક્યતા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: આઠમ
તા.૨૬-૦૩-૨૦૨૬, ગુરૂવાર, સૂર્યોદય-૦૬:૪૧,
સૂર્યાસ્ત-૦૬:૪૮, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: આર્દ્રા

## દૈનિક રાશિફળ

તા.૨૬-૦૩-૨૦૨૬ ગુરૂવાર

મેષ: આજે દિવસની શરૂઆતથી લાભની સંભાવના રહેશે. કેટલીક શુભ ઘટનાઓ બનશે.

વૃષભ: પરિવારમાં કોઈપણ બાબતે ચર્ચા થઈ શકે છે. કામ-ધંધાનો લાભ મળશે તે આશાસ્પદ રહેશે, છતાં સંતોષ થશે નહીં.

મિથુન: આજે મન એક સમયે બે કાર્યો માટે ભટકશે. વ્યક્તિગત અને ઘરેલુ મુદ્દાઓ તમારા માટે લાંબા સમયથી ચિંતાનો વિષય છે.

કર્ક: તમે તમારા જીવનસાથી સાથે સારો સમય વિતાવશો અને ભાઈઓની સહાયથી પારિવારિક વ્યવસાયમાં અનુકૂળ સ્થિતિ રહેશે.

સિંહ: આ દિવસે કામમાં અડચણ હોવાને કારણે મન અશાંત થઈ શકે છે. આજે તમારે અધૂરુ કામ પૂર્ણ કરવું જોઈએ.

કન્યા: પરિવારમાં પ્રેમ અને ઉત્સાહનું વાતાવરણ રહેશે. પિતાના માર્ગદર્શનથી આર્થિક પ્રગતિ થશે.

તુલા: આજે વિવાદ રહેશે. તમે તમારા ઘટેલા ભંડોળની ચિંતા કરી શકો છો. ઘણા પૈસા ખર્ચ કરવાથી તમારી જવાબદારી વધી શકે છે.

વૃશ્ચિક: ક્ષેત્રમાં તમારા કાર્યની ગતિ થોડી ધીમી રહેશે, તમે ફક્ત માથે પડેલા કોઈ કાર્ય કરશો, તેમ છતાં અન્ય લોકો કરતા વધુ ઝડપી રહેશો.

ધન: આજનો દિવસ તમારા માટે અનુકૂળ છે. કોઈ એક જે કાર્યમાં જોડાશો તો અન્યની તુલનામાં ઝડપી સફળતા મેળવી શકે છે.

મકર: નોકરીઓ ધરાવતા લોકો વધારાની આવક કરવામાં ચાલાકી કરશે, તેને સફળતા મળશે.

કુંભ: લાંબા સમય પછી તમે આજે રાહત અને ખુશીનો અનુભવ કરશો. તબિયત ધીરે ધીરે સુધરશે, પરંતુ પરિવારના સભ્યોએ ગીચ સ્થળોએ જવાનું ટાળવુ જોઈએ.

મીન: આ દિવસે સુખ અને શાંતિ વધશે. તમને કોઈપણ કાયદાકીય વિવાદ અથવા અન્ય પ્રકારના કોર્ટ-કેસોથી આઝાદી મળશે.

# સાવરકુંડલામાં દૂધના બાકી પૈસા માંગતા બે ભાઈઓએ ભેગા મળી યુવક પર તલવાર અને પાઈપથી હુમલો કર્યો

સાવરકુંડલા, તા.૨૫

સાવરકુંડલામાં દૂધના બાકી નીકળતા પૈસાની ઉઘરાણી કરવા જેવી સામાન્ય બાબતે બે સગા ભાઈઓએ ઉશ્કેરાઈ જઈ એક યુવક પર તલવાર અને લોખંડના પાઈપ વડે હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી હતી. આ હુમલામાં યુવકને બંને પગે ગંભીર ઈજાઓ પહોંચતા ટાંકા લેવા પડ્યા હતા. આ અંગે સલીમભાઈ હુસેનભાઈ ઝાંખરા (ઉ.વ.૪૪)એ ઈકબાલભાઈ આમદભાઈ ચાવડા તથા ઈરફાનભાઈ આમદભાઈ ચાવડા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, આરોપીઓની માતા વહીદાબેનનો પગ ભાંગી ગયો હોવાથી તેમના ઘરેથી તેમને ત્યાં ગાયનું દૂધ જતું હતું.

આ દૂધના પૈસા બાકી હોવાથી તમણે ફોન કરીને પૈસાની માંગણી કરી હતી. પૈસા માંગવા બાબતે બંને પક્ષો વચ્ચે ફોન પર બોલાચાલી થઈ હતી, જેનું મનદુઃખ રાખીને બે શખ્સોએ હુમલો કરવાનું કાવતરું ઘડ્યું હતું. જ્યારે તેઓપોતાના ઘરની બહાર લારી પર બેઠા હતા, ત્યારે આરોપીઓ ત્યાં ધસી આવ્યા હતા અને ગાળાગાળી શરૂ કરી હતી. ઈકબાલા ચાવડાએ ડાબા પગમાં તલવારનો ઘા ઝીંકી દીધો હતો. ત્યારબાદ તેણે ઈરફાનભાઈના હાથમાંથી લોખંડનો પાઈપ આંચકીને જમણા પગમાં પણ ફટકો માર્યો હતો. બંને ભાઈઓએ એકસંપ થઈને કરેલા આ હુમલામાં તેમને બંને પગે બબ્બે ટાંકા આવ્યા હતા. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન.એન. ખસતીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરા શહેરમાં આજે ૨૬ માર્ચે રામનવમીની ભવ્ય શોભાયાત્રા

બાબરા,તા.૨૫

બાબરા શહેરમાં આગામી ૨૬ માર્ચ, ૨૦૨૬ના રોજ રામનવમીના પાવન અવસરે સમસ્ત હિન્દુ સમાજ, વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉત્સવમાં શહેરના વિવિધ હિન્દુ સંગઠનો, મંડળો અને ધર્મપ્રેમી નાગરિકો સહભાગી થશે. આ વર્ષે પણ રામનવમીનો તહેવાર ઉત્સાહભેર ઉજવાશે, જેમાં પવિત્ર સાધુ-સંતોની ઉપસ્થિતિ રહેશે અને આકર્ષક ફ્લોટ, ધાર્મિક ઝાંખીઓ તથા ડીજેના તાલ સાથે શોભાયાત્રા સમગ્ર શહેરમાં ફરી વળશે. શોભાયાત્રાના રૂટની વિગતો મુજબ, આ યાત્રા બાબરાના ચમારડી જાપા પાસે આવેલા મોટા રામજી મંદિરથી પ્રસ્થાન કરશે. ત્યારબાદ તે શહેરના મુખ્ય માર્ગો જેવા કે શિવાજી ચોક, શહીદ ચોક, મોટા બસ સ્ટેન્ડ, સરદાર સર્કલ, નાના બસ સ્ટેન્ડ અને અમરાપરા માર્ગેથી પસાર થઈ તાપડીયા આશ્રમ ખાતે સંપન્ન થશે.

# ગોપાલગ્રામમાં નેત્ર નિદાન અને ઓપરેશન કેમ્પ યોજાશે

ગોપાલગ્રામ,તા.૨૫

ગોપાલગ્રામ અને આસપાસના ગ્રામજનો માટે આગામી શુક્રવારે એક ભવ્ય નેત્ર યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. શારદા ઝાટકિયા હોસ્પિટલ અને વસંતબેન જયંતિલાલ ઝાટકિયા (સિંગાપોર) હોસ્પિટલ-ગોંડલના ઉપક્રમે તથા મુંબઈસ્થિત મિલનભાઈ આર. ઝાટકિયા પરિવાર (મિલેનિયમ કું.)ના વિશેષ સહયોગથી આ વિનામૂલ્યે નેત્ર નિદાન તથા ઓપરેશન કેમ્પ યોજાશે. આ કેમ્પ ૨૭-૦૩-૨૦૨૬, શુક્રવારના રોજ સવારે ૯:૩૦ થી ૧૧:૩૦ કલાક દરમિયાન ઓ.પી. ઝાટકિયા હાઈસ્કૂલ, ગોપાલગ્રામ (તા. ધારી) ખાતે યોજાશે. ગ્રામવિકાસ મંડળ ટ્રસ્ટ-ગોપાલગ્રામ દ્વારા સંચાલિત આ કેમ્પમાં જાણીતા આંખના સર્જન ડો. ભાવેશ સોલંકીના માર્ગદર્શન હેઠળ ડો. નૈમીષ મહાલિયા અને તેમની નિષ્ણાત ટીમ દ્વારા સેવાઓ આપવામાં આવશે. દર્દીઓને કાળા ચશ્મા, દવા-ટીપાં તેમજ દર્દી અને તેમની સાથેના એક સગાને જમવાની સુવિધા સંસ્થા દ્વારા વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે. જરૂરિયાત મુજબ દર્દીઓને લઈ જવા અને મૂકવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. વધુ માહિતી માટે ૯૯૭૮૭ ૮૫૧૭૮ અથવા ૯૪૨૭૩ ૫૭૩૧૦ પર સંપર્ક કરવો.

## -//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં//-

જન્મ રજી.નં.૩૪/૨૦૨૬

શ્રી ભુરાભાઈ ભીખાભાઈ વરૂ
રહે.સલડી તા.લીલીયા જિ.અમરેલી
હાલ : ચીકુવાડી, નાના વરાછા, સુરત ........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, સલડી .......સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી ભુરાભાઈ ભીખાભાઈ વરૂની પુત્રી આરતી ભુરાભાઈ વરૂનો જન્મ તા.૨૧/૦૪/૨૦૦૩ના રોજ સલડી મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૪/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

## -//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં//-

જન્મ રજી.નં.૩૫/૨૦૨૬

શ્રી ત્રીવેણીબેન ભગવાનભાઈ કસવાળા વા/ઓ રમેશભાઈ લાઠીયા
રહે.કુંતાણા તા.લીલીયા જિ.અમરેલી
હાલ : કેરીયાનાગસ તા.જિ.અમરેલી ........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, કુંતાણા .......સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી ત્રીવેણીબેન ભગવાનભાઈ કસવાળાનો પોતાનો જન્મ તા.૦૧/૦૨/૧૯૬૨ના રોજ કુંતાણા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૪/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો


સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

**તંત્રી લેખ**

# સમાન નાગરિક સંહિતા રાષ્ટ્રીય એકતા માટે જરૂરી

ગુજરાત વિધાનસભામાં સમાન નાગરિક સંહિતા (સમાન નાગરિક સંહિતા - યુસીસી) સંબંધિત વિધેયક બહુમતીથી પસાર થવું રાજ્યના સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ વળાંક તરીકે જોવું જોઈએ. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રજૂ થયેલું આ બિલ લાંબી ચર્ચા અને મતભેદો બાદ સ્વીકારવામાં આવ્યું છે. ઉત્તરાખંડ પછી ગુજરાત આ પ્રકારનો કાયદો અમલમાં લાવનાર બીજું રાજ્ય બન્યું છે, જેના કારણે હવે દેશભરમાં આ મુદ્દે નવી ચર્ચાઓને વેગ મળશે. સમાન નાગરિક સંહિતાનો મુખ્ય હેતુ વિવિધ વ્યક્તિગત કાયદાઓમાં રહેલી અસમાનતાઓને દૂર કરીને તમામ નાગરિકો માટે એકસરખી કાનૂની વ્યવસ્થા ઉભી કરવાનું છે. હાલમાં દેશમાં લગ્ન, તલાક, વારસો અને દત્તક જેવા મુદ્દાઓમાં ધર્મ આધારિત અલગ કાયદાઓ અમલમાં છે, જે ઘણીવાર ગૂંચવણ અને વિવાદોનું કારણ બને છે. યુસીસી દ્વારા આ ભેદભાવને દૂર કરીને એક સમાન અને પારદર્શક કાનૂની માળખું તૈયાર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. વિધાનસભાની ચર્ચા દરમિયાન અનેક સંવેદનશીલ અને ઐતિહાસિક મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા હતા. ખાસ કરીને શાહ બાનો કેસનો ઉલ્લેખ કરીને મહિલાઓના હકો અંગે ચર્ચા ફરી પ્રબળ બની હતી. આ કેસે વ્યક્તિગત કાયદાઓમાં રહેલી ખામીઓને ઉજાગર કરી હતી. તે જ રીતે ત્રિપલ તલાક અને હલાલા જેવી પ્રથાઓ અંગે ઉઠેલા પ્રશ્નોએ સમાજમાં સુધારાની જરૂરિયાતને સ્પષ્ટ કરી હતી. આ કાયદા હેઠળ લગ્ન નોંધણી ફરજિયાત બનાવવાનો નિર્ણય ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. નોંધણીના અભાવને કારણે મહિલાઓને ઘણીવાર તેમના હકો માટે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. હવે નોંધણી ફરજિયાત બનવાથી પારદર્શિતા વધશે અને કાનૂની સુરક્ષા વધુ મજબૂત બનશે. ઉપરાંત, સ્ત્રીઓ માટે લગ્નની લઘુત્તમ ઉંમર ૨૧ વર્ષ નક્કી કરવાનું પગલું લિંગ સમાનતાની દિશામાં મહત્વપૂર્ણ માનવામાં આવે છે. વિધેયકમાં લિવ-ઈન સંબંધોને કાનૂની માન્યતા આપવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો છે, જે આધુનિક સમાજની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને લેવામાં આવેલો નિર્ણય છે. આવા સંબંધોમાં રહેલા લોકો માટે કાનૂની સુરક્ષા ઉપલબ્ધ થવાથી અનેક સમસ્યાઓમાં ઘટાડો થવાની શક્યતા છે. વારસાના હક્કમાં પુત્રીઓ માટે સમાન અધિકાર આપવાની જોગવાઈ મહિલાઓને આર્થિક રીતે સશક્ત બનાવવામાં મહત્વપૂર્ણ સાબિત થશે. આ પગલાથી લાંબા સમયથી ચાલતી લિંગ આધારિત અસમાનતા દૂર થવામાં મદદ મળશે અને સમાજમાં સમાનતાની ભાવના મજબૂત બનશે. હાલ આ વિધેયક વિવાદોથી સંપૂર્ણપણે મુક્ત નથી. વિરોધ પક્ષે આ કાયદાને ધાર્મિક સ્વતંત્રતામાં હસ્તક્ષેપ ગણાવ્યો છે અને તેના વિરોધમાં વોકઆઉટ કર્યો હતો. કેટલાક વર્ગોમાં એવી ચિંતાઓ પણ વ્યક્ત કરવામાં આવી છે કે આ કાયદાથી તેમની પરંપરાઓ અને ધાર્મિક ઓળખને અસર થઈ શકે છે. આવી ચિંતાઓને ગંભીરતાથી લેવાની જરૂર છે. સરકાર માટે હવે સૌથી મોટો પડકાર એ રહેશે કે તે તમામ વર્ગો સાથે વિશ્વાસપૂર્ણ સંવાદ સ્થાપિત કરે. કાયદાનો અમલ પારદર્શિતા અને સંવેદનશીલતા સાથે કરવામાં આવશે તો લોકોમાં વિશ્વાસ વધશે. અંતમાં, ગુજરાતમાં સમાન નાગરિક સંહિતાનો અમલ એક મહત્વપૂર્ણ પ્રયોગ તરીકે જોવો યોગ્ય છે. જો આ કાયદાનો અમલ સફળતાપૂર્વક થશે, તો તે દેશના અન્ય રાજ્યો માટે માર્ગદર્શક બની શકે છે. સમાનતા અને ન્યાયના માર્ગ પર આગળ વધવા માટે આ એક ઐતિહાસિક પગલું છે.


# શ્રીરામ એટલે આદર્શ જીવન, ભક્તિ અને સંસ્કૃતિના પ્રેરણાસ્ત્રોત



**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

ભારતીય સંસ્કૃતિમાં તહેવારો માત્ર આનંદ અને ઉજવણીના પ્રસંગ નથી, પરંતુ તેઓ માનવ જીવનને માર્ગદર્શન આપતા આધ્યાત્મિક આધારસ્તંભ છે. તેવો જ એક પવિત્ર તહેવાર છે રામનવમી, જે ભગવાન રામના જન્મદિવસ તરીકે ઉજવાય છે. આ દિવસ સત્ય, ધર્મ અને કર્તવ્યના મૂલ્યોને જીવનમાં અપનાવવા માટે પ્રેરિત કરે છે. આજના ઝડપી અને સ્પર્ધાત્મક યુગમાં, જ્યાં માનવી ઘણીવાર મૂલ્યોથી વિખૂટો પડી જાય છે, ત્યાં રામનવમી આપણને પોતાના મૂળ સંસ્કાર અને આદર્શોની યાદ અપાવે છે. આ તહેવાર માત્ર ભક્તિનો પ્રસંગ નથી, પરંતુ આત્મચિંતન અને જીવનમાં સુધારાનો અવસર છે. વિખ્યાત કથાકાર મોરારી બાપુના પ્રવચનોમાં ભગવાન રામને એક આદર્શ પુરુષ તરીકે રજૂ કરવામાં આવે છે. તેમના અનુસાર, રામ માત્ર પૂજનીય દેવતા નથી, પરંતુ માનવ જીવન માટે શ્રેષ્ઠ આદર્શ છે. રામનું જીવન આપણને શીખવે છે કે સત્ય અને ધર્મના માર્ગ પર અડગ રહેવું એ જ સાચી સફળતા છે. મોરારી બાપુ જણાવે છે કે ''રામ'' શબ્દમાં શાંતિ, પ્રેમ અને આનંદનો સંદેશ સમાયેલો છે. તેઓ ભારપૂર્વક કહે છે કે માત્ર પૂજા કરવાથી નહીં, પરંતુ રામના જીવનમૂલ્યોને પોતાના વર્તનમાં ઉતારવાથી જ સાચી ભક્તિ પૂર્ણ થાય છે. રામનવમી એ એવો દિવસ છે, જ્યારે દરેક વ્યક્તિએ પોતાનં પશ્ન પૂછવો જોઈએ કે શું તે સત્યવાદિતા, કરુણા, ક્ષમા અને સમર્પણ જેવા ગુણોને પોતાના જીવનમાં અપનાવી રહ્યો છે કે નહીં. બાપુના મત અનુસાર, ભગવાન રામે ક્યારેય પોતાના સ્વાર્થ માટે નિર્ણય લીધો નથી. તેમણે હંમેશા સમાજ અને ધર્મને પ્રાથમિકતા આપી છે. તેમના જીવનમાં માતા-પિતા પ્રત્યેનો આદર, ભાઈચારો, પત્ની પ્રત્યેનો સન્માન અને પ્રજાપ્રેમ જેવા ગુણો સ્પષ્ટ રીતે પ્રગટ થાય છે. આજના સમયમાં આ ગુણો વધુ પ્રાસંગિક બન્યા છે, કારણ કે આધુનિક જીવનમાં વ્યક્તિ ઘણીવાર પોતાના કર્તવ્યથી વિમુખ થઈ જાય છે. અયોધ્યામાં રામનવમીનો તહેવાર વિશેષ ભક્તિ અને ઉત્સાહ સાથે ઉજવાય છે. ભગવાન રામની જન્મભૂમિ હોવાને કારણે આ તહેવારનું અહીં વિશેષ મહત્વ છે. રામનવમીના દિવસે શહેરમાં લાખો ભક્તો ઉમટી પડે છે અને સમગ્ર વાતાવરણ ભક્તિમય બની જાય છે. વિશેષ કરીને શ્રી રામ જન્મભૂમિ મંદિરમાં ભવ્ય કાર્યક્રમો યોજાય છે. વહેલી સવારે પૂજા-અર્ચના શરૂ થાય છે અને દિવસભર ભજન-કીર્તન ચાલે છે. ભગવાન રામના જન્મનો પવિત્ર ક્ષણ બપોરે નિર્ધારિત સમયમાં ઉજવવામાં આવે છે, જ્યારે ઘંટના નાદ અને ''જય શ્રી રામ''ના ગુંજતા નારા સમગ્ર શહેરમાં ભક્તિનો માહોલ સર્જે છે. શહેરમાં ભવ્ય શોભાયાત્રાઓનું આયોજન કરવામાં આવે છે, જેમાં રામાયણના પ્રસંગોને જીવંત રીતે રજૂ કરવામાં આવે છે. ભક્તો પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ થઈને આ યાત્રામાં ભાગ લે છે. સરયૂ નદીના કિનારે ભક્તો પવિત્ર સ્નાન કરીને પૂજા કરે છે અને દીપદાન દ્વારા પોતાની શ્રધ્ધા વ્યક્ત કરે છે. સમગ્ર અયોધ્યા દીપક અને ફૂલોથી શોભાયમાન બને છે, જે આ તહેવારની ભવ્યતાને વધુ ઉજાગર કરે છે. ભારતના વિવિધ રાજ્યોમાં રામનવમીનો તહેવાર અલગ-અલગ પરંપરાઓ સાથે ઉજવાય છે, છતાં તેની ભાવના એકસરખી રહે છે. ગુજરાત, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, બિહાર અને દક્ષિણ ભારતના રાજ્યોમાં આ તે ઉત્સાહ સાથે મનાવવામાં આવે છે. ઘણા સ્થળોએ રામાયણના પાઠ, કથાઓ અને ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ભક્તો ઉપવાસ રાખે છે અને દિવસભર ભગવાનના નામનું સ્મરણ કરે છે. મંદિરોમાં વિશેષ આરતી અને ભજન-કીર્તન યોજાય છે, જે ભક્તિમય વાતાવરણ સર્જે છે. દક્ષિણ ભારતના પ્રદેશોમાં રામનવમી સંગીત અને સંસ્કૃતિ સાથે ગાઢ રીતે જોડાયેલી છે. અહીં ભજન સંધ્યાઓ, કીર્તન અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાય છે. કેટલાક સ્થળોએ રથયાત્રાઓ અને શોભાયાત્રાઓ દ્વારા ભગવાન રામના જીવનપ્રસંગોને પ્રદર્શિત કરવામાં આવે છે. આ તહેવાર માત્ર ધાર્મિક જ નહીં, પરંતુ સામાજિક રીતે પણ મહત્વપૂર્ણ છે. તે સમાજમાં એકતા, પ્રેમ અને ભાઈચારો વધારવાનો સંદેશ આપે છે. રામનવમી આપણને યાદ અપાવે છે કે સારા મૂલ્યો વિના સમાજનું અસ્તિત્વ મજબૂત રહી શકતું નથી. રામનવમીનો તહેવાર માનવ જીવન માટે ઊંડો આધ્યાત્મિક અને નૈતિક સંદેશ ધરાવે છે. ભગવાન રામનું જીવન આપણને શીખવે છે કે સત્ય અને ન્યાય માટે અડગ રહેવું જોઈએ, ભલે તે માટે કેટલાય સંકટોનો સામનો કરવો પડે. રામે પોતાના પિતાના વચનને નિભાવતા રાજ્યનો ત્યાગ કર્યો, જે કર્તવ્યનિષ્ઠાનું ઉત્તમ ઉદાહરણ છે. તેમના જીવનમાં પરિવાર પ્રત્યેની લાગણી, મિત્રતા અને સમાજ પ્રત્યેની જવાબદારી સ્પષ્ટ રીતે જોવા મળે છે. આ તહેવાર આપણને આ મૂલ્યોને જીવનમાં અપનાવવાની પ્રેરણા આપે છે. આજના સમયમાં, જ્યાં લોકો તણાવ, સ્પર્ધા અને ભૌતિકતામાં ઘેરાયેલા છે, ત્યાં રામનવમી શાંતિ અને સંતુલનનો માર્ગ દર્શાવે છે. તે આપણને સમજાવે છે કે સાચું સુખ ભૌતિક સંપત્તિમાં નહીં, પરંતુ સારા વિચારો અને સદાચારપૂર્ણ વર્તનમાં વસે છે. રામનવમી એક એવો તહેવાર છે, જે ભક્તિ સાથે સાથે જીવનમાં સુધારાનો સંદેશ આપે છે. ભગવાન રામનું જીવન આપણું માર્ગદર્શન કરે છે અને સત્ય, ધર્મ અને કર્તવ્યના માર્ગ પર આગળ વધવા પ્રેરિત કરે છે. આ તહેવાર આપણને આત્મવિચાર કરવાની તક આપે છે કે આપણે આપણા જીવનમાં કેટલા પ્રમાણમાં સારા મૂલ્યો અપનાવ્યા છે. જો આપણે રામના આદર્શોને પોતાના જીવનમાં ઉતારીએ, તો વ્યક્તિગત અને સામાજિક સ્તરે સુખ, શાંતિ અને સમૃદ્ધિ પ્રાપ્ત કરી શકીએ. આ રીતે, રામનવમી માત્ર એક તહેવાર નહીં, પરંતુ માનવ જીવનને યોગ્ય દિશામાં દોરી જતો એક પ્રેરણાસ્રોત છે.

## શબ્દ સંજોગ-૨૧૬૮



**આડી ચાવી :**
(૧) ભાતુ (૩)
(૩) વિચારણા, તપાસ (૩)
(૬) બદદાનત, કપટ (૨)
(૭) એક જાતની મીઠી જુવાર (૨)
(૮) ઉચાપત કરેલુ (૩)
(૧૦) ઘઉંની એક મીઠી વાની (૩)
(૧૨) નિરાશ (૪)
(૧૪) આકાશમાંથી પડતા કુદરતી બરફના કકડા (૨)
(૧૫) મુદત, અવધિ (૩)
(૧૭) તમાકુ, છીંકણી (૩)
(૨૦) લાંચ, લાલચ (૨)
(૨૦) મરણ, મૃત્યુ (૨)
(૨૧) સૈન્યની આગલી હરોળ (૨)
(૨૨) વેપાર, કામધંધો (૩)
(૨૩) જગા (૨)
(૨૪) નરાશ, કોશ (૨)
(૨૫) કુંવારી (૩)
(૨૭) પાર્વતી (૨)
(૨૮) માતાના પિતા (૨)
(૨૯) સુંદર સ્ત્રી (૨)
(૩૦) પંચાતિયો (૩)

**ઉભી ચાવી :**
(૧) બાળકને પગલા મડાવવાનો ઉદગાર (૨)
(૨) તીખી ભાખરી (૩)
(૩) મીનડી, બિલાડી (૨)
(૪) સાહસિક, સાહસવાળુ (૩)
(૫) અજ્ઞાન (૩)
(૭) આગલા દિવસનું (૨)
(૯) એક ફૂલઝાડ કે તેનુ ફુલ (૨)
(૧૧) તંતુવાદ્ય પર સ્વરોના સ્થાન બતાવવા બંધાતો આંતરો (૩)
(૧૨) નાખુશ (૩)
(૧૩) આવવુ ને જવુ તે (૫)
(૧૪) મડદુ દાટી તેની ઉપર કરેલુ ચણતર (૩)
(૧૬) સંજયદત્તની એક ફિલ્મ (૪)
(૧૮) માળનો બહાર પડતો ભાગ (૩)
(૧૯) અવલોકન, નિરીક્ષણ (૪)
(૨૧) પાક (૨)
(૨૪) ઉત્કૃષ્ટ, ઘણુ સારુ (૩)
(૨૬) શૂર, પરાક્રમી (૨)
(૨૮) અવાજ, ઘોષ (૨)

## શબ્દ સંજોગ-૨૧૬૭

**આડી ચાવી:** (૧) કથકલી (૪) હાલત (૬) માતા (૮) વકરો (૧૨) નમક (૧૪) વરખ (૧૬) વાલ (૧૭) મરાલ (૨૦) મણકો (૨૩) શરત (૨૫) કવન (૨૮) કામદા (૩૦) મદ (૩૧) કાબર (૩૨) લટ (૩૩) નર્યા. **ઉભી ચાવી:** (૨) થડક (૩) લીન (૪) હામ (૫) તમા (૭) તારીખ (૮) વડવાઈ (૯) રોન (૧૦) અકરામ (૧૧) દેવ (૧૩) મમ (૧૫) રદી (૧૮) લણ (૧૯) દરકાર (૨૧) કોકમ (૨૨) દાન (૨૪) તમ (૨૬) વદન (૨૭) શંકા (૨૯) દાલ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

### રાજકોટ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૪૨૦ | ૧૬૫૫ |
| ઘઉં લોક્વન | ૪૨૫ | ૪૮૦ |
| ઘઉં ટુકડા | ૪૩૫ | ૬૦૬ |
| જુવાર સફેદ | ૯૮૦ | ૧૦૩૦ |
| બાજરી | ૨૭૫ | ૪૨૫ |
| તુવેર | ૧૨૫૦ | ૧૫૩૬ |
| અડદ | ૧૦૫૦ | ૧૭૧૫ |
| મગ | ૧૩૦૦ | ૧૫૨૫ |
| વાલ દેશી | ૭૫૦ | ૧૨૮૦ |
| ચોળી | ૧૧૮૯ | ૧૧૮૯ |
| વટાણા | ૮૫૫ | ૧૧૩૪ |
| રાજમા | ૧૧૫૦ | ૧૮૮૦ |
| સીંગદાણા | ૧૬૦૦ | ૧૮૫૦ |
| મગફળી જાડી | ૧૦૬૦ | ૧૫૨૩ |
| મગફળી જીણી | ૧૦૩૦ | ૧૫૧૫ |
| તલી | ૧૫૬૦ | ૨૧૭૦ |
| સુરજમુખી | ૧૨૬૦ | ૧૨૬૦ |
| એરંડા | ૧૧૭૦ | ૧૨૭૫ |
| સીંગફાડા | ૧૨૪૦ | ૧૬૫૬ |
| કાળા તલ | ૩૬૭૫ | ૪૦૦૦ |
| લસણ | ૯૦૦ | ૧૭૦૦ |
| ધાણા | ૧૯૧૦ | ૨૧૦૦ |
| મરચા સુકા | ૧૯૦૦ | ૭૦૦૦ |
| ધાણી | ૨૦૦૦ | ૨૪૪૫ |
| વરીયાળી | ૧૨૦૦ | ૨૨૦૦ |
| જીરૂ | ૩૫૪૧ | ૪૧૬૧ |
| રાય | ૯૫૦ | ૧૪૨૦ |
| મેથી | ૧૧૫૦ | ૧૫૫૦ |
| અશેરીયો | ૧૦૪૪ | ૧૦૯૫ |
| રાયડો | ૮૫૦ | ૧૨૩૦ |

### રાજકોટ (શાકભાજી)

| | | |
|---|---|---|
| કેરી કાચી | ૧૦૧૮ | ૧૪૨૮ |
| લીંબુ | ૧૫૦૩ | ૩૦૧૪ |
| સાકરટેટી | ૨૧૨ | ૩૮૦ |
| તરબુચ | ૧૫૪ | ૩૦૬ |
| પપૈયા | ૭૮ | ૧૨૯ |
| બટેટા | ૯૮ | ૨૭૪ |
| ડુંગળી સુકી | ૫૫ | ૨૬૫ |
| ટમેટા | ૧૦૯ | ૩૧૪ |
| સુરણ | ૮૧૯ | ૧૦૧૮ |
| કોથમરી | ૧૫૯ | ૩૩૨ |
| સકરીયા | ૨૧૨ | ૪૨૬ |
| મુળા | ૩૩૨ | ૫૫૮ |
| રીંગણા | ૨૧૨ | ૫૫૩ |
| કોબીજ | ૬૪ | ૧૦૯ |
| ફ્લાવર | ૨૪૨ | ૪૮૭ |
| ભીંડો | ૭૭૮ | ૯૮૬ |
| ગુવાર | ૩૩૨ | ૭૬૯ |
| ચોળાસીંગ | ૫૧૮ | ૯૨૬ |
| વાલોળ | ૪૮૩ | ૭૧૧ |
| ટીંડોળા | ૪૧૧ | ૭૨૨ |
| દુધી | ૧૪૮ | ૨૯૨ |
| કારેલા | ૪૮૮ | ૬૧૧ |
| સરગવો | ૩૧૨ | ૬૦૮ |
| તુરીયા | ૨૬૪ | ૬૧૨ |
| પરવર | ૧૦૨૮ | ૧૪૧૨ |
| કાકડી | ૧૬૯ | ૪૦૯ |
| ગાજર | ૧૬૭ | ૩૦૪ |
| વટાણા | ૬૧૪ | ૧૨૨૬ |
| ગલકા | ૪૧૧ | ૫૯૨ |
| બીટ | ૧૦૧ | ૧૬૯ |
| મેથી | ૧૭૬ | ૨૫૯ |
| વાલ | ૬૮૧ | ૮૭૯ |
| ડુંગળી લીલી | ૧૫૮ | ૨૯૮ |
| આદુ | ૯૧૪ | ૧૧૧૩ |
| મરચા લીલા | ૪૧૫ | ૬૧૯ |
| લસણ લીલું | ૫૧૪ | ૮૫૯ |
| મકાઇ લીલી | ૧૧૮ | ૨૦૮ |

### ગોંડલ (શાકભાજી)

| | | |
|---|---|---|
| ટમેટા | ૬૦ | ૩૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૬૦૦ |
| કોબી | ૬૦ | ૨૪૦ |
| દુધી | ૮૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૩૦ | ૩૦૦ |
| કાકડી | ૬૦ | ૫૦૦ |
| રીંગણા | ૪૦ | ૬૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૦૬૦ |
| ગલકા | ૨૦૦ | ૬૦૦ |
| ગાજર | ૨૦૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૭૦૦ |
| વાલ | ૨૦૦ | ૧૨૦૦ |
| વટાણા | ૨૦૦ | ૧૫૦૦ |
| શક્કરીયા | ૧૮૦ | ૩૦૦ |
| કેરી કાચી | ૬૦૦ | ૧૬૦૦ |
| બટેટા | ૧૦૦ | ૨૫૦ |
| લીલા ચણા | ૪૦ | ૬૦ |
| ડુંગળી પુરા | ૩ | ૫ |
| કોથમીર પુરા | ૧ | ૭ |
| મૂળા પુરા | ૫ | ૮ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૪૦ |
| પચકારુ | ૩૦૦ | ૪૦૦ |
| ગુંદા | ૪૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૧૬૦ | ૫૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૩૦૦૦ |
| મેથી પુરા | ૨ | ૬ |
| બીટ પુરા | ૪ | ૧૦ |
| સરગવો પુરા | ૫ | ૩૦ |
| ચોરા | ૧૮૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૮૦૦ |
| વાલોર | ૨૦૦ | ૭૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૩૦૦ |
| મકાઈ ડોડા | ૧૬૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૩ | ૬ |
| પાલક પુરા | ૨ | ૩ |

### અમરેલી

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૧૨૭૦ | ૧૨૭૦ |
| શિંગ ગીરનાર | ૧૩૬૫ | ૧૩૬૫ |
| શિંગ મોટી | ૧૨૨૦ | ૧૫૨૫ |
| શિંગદાણા | ૧૫૩૦ | ૧૮૪૦ |
| શિંગદાણા ફાડા | ૧૪૩૦ | ૧૮૩૫ |
| તલ સફેદ | ૧૩૦૦ | ૧૮૭૫ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૫૦૦ |
| તલ કાશમીરી | ૧૯૭૫ | ૧૯૭૫ |
| ઘઉં ટુકડા | ૩૫૦ | ૭૬૦ |
| ઘઉં લોક્વન | ૩૪૫ | ૫૦૦ |
| અડદ | ૧૦૫૦ | ૧૨૧૫ |
| ચણા | ૮૦૦ | ૧૦૫૫ |
| ચણા દેશી | ૧૦૨૦ | ૧૦૭૫ |
| સફેદ ચણા | ૮૫૦ | ૧૧૧૫ |
| છોલે ચણા | ૧૩૪૫ | ૧૩૪૫ |
| વટાણા | ૭૨૫ | ૧૪૯૫ |
| તુવેર | ૭૨૫ | ૧૪૯૫ |
| કપાસ | ૧૦૦૦ | ૧૭૦૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૭૫ |
| જીરૂ | ૨૧૦૦ | ૪૩૬૦ |
| રાય | ૧૦૫૦ | ૧૫૧૦ |
| ધાણા | ૧૮૦૦ | ૨૪૩૦ |
| ધાણી | ૧૮૦૦ | ૨૮૫૦ |
| અજમા | ૧૩૫૦ | ૧૩૫૦ |
| મેથી | ૯૦૦ | ૧૨૬૦ |
| સોયાબીન | ૮૫૦ | ૧૦૪૦ |
| મરચા લાંબા | ૧૩૯૦ | ૮૩૦૦ |
| મરચા ધોલર | ૧૫૦૦ | ૧૩૫૫૦ |

### અમરેલી (શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૧૬૦ | ૨૭૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૨૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૩૫૦ |
| કોબીજ | ૯૦ | ૧૧૦ |
| શકકરીયા | ૨૫૦ | ૪૦૦ |
| ટમેટાં | ૨૦૦ | ૨૫૦ |
| સુરણ | ૮૦૦ | ૯૦૦ |
| ગાજર | ૨૦૦ | ૩૦૦ |
| દુધી | ૧૭૦ | ૨૫૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૫૦૦ | ૬૦૦ |
| ગુંદા | ૯૦૦ | ૧૦૫૦ |
| કાકડી | ૧૬૦ | ૨૨૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૬૫૦ | ૭૫૦ |
| વટાણા | ૯૦૦ | ૧૦૦૦ |
| ચોળા લીલા | ૬૦૦ | ૭૨૦ |
| તુરીયા | ૪૦૦ | ૪૫૦ |
| વાલ | ૭૩૦ | ૮૨૦ |
| ભીંડો | ૭૦૦ | ૮૦૦ |
| આદુ | ૧૧૨૦ | ૧૨૫૦ |
| કોથમીર | ૩૦૦ | ૩૫૦ |
| મેથીભાજી | ૩૦૦ | ૪૦૦ |
| ફોદીનો | ૩૦૦ | ૪૦૦ |
| ટીંડોરા | ૫૫૦ | ૬૫૦ |
| બીટ | ૨૧૦ | ૨૫૦ |
| સરગવો | ૨૧૦ | ૨૬૦ |
| લીમડો મીઠો | ૧૯૦ | ૨૧૦ |
| મરચાં લીલાં | ૬૦૦ | ૧૦૦૦ |
| મરચાં લાલ | ૧૧૫૦ | ૧૨૫૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૨૦ |
| લસણ લીલું | ૬૦૦ | ૭૫૦ |
| લસણ સુકું | ૧૦૫૦ | ૧૬૦૦ |
| પાલક | ૩૦૦ | ૪૦૦ |
| લીબુ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| મકાઈ | ૨૨૦ | ૩૨૦ |

### સાવરકુંડલા

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૩૨૦ | ૧૪૭૦ |
| શીંગ મોટી | ૧૩૦૦ | ૧૫૦૧ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૧૭૭૨ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૯૦૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૨૦૦ |
| કપાસ | ૧૪૫૨ | ૧૬૦૦ |
| ઘઉં લોક્વન | ૪૩૦ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૮૦ |
| બાજરો | ૫૦૦ | ૬૨૦ |
| જુવાર | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૪૦ |
| દેશી ચણા | ૧૦૨૧ | ૧૧૦૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૫૦૦ |
| એરડી | ૧૨૦૦ | ૧૨૫૨ |
| મેથી | ૧૦૦૦ | ૧૨૨૫ |
| રાય/રાયડો | ૯૦૦ | ૧૦૦૦ |
| ધાણા | ૧૭૫૧ | ૨૪૬૭ |

### ધારી

| | | |
|---|---|---|
| કપાસ | ૧૪૯૫ | ૧૪૯૫ |
| મગફળી | ૯૪૦ | ૧૩૭૫ |
| ઘઉં | ૩૦૦ | ૪૩૦ |
| ચણા | ૯૪૫ | ૧૦૨૩ |
| તુવેર | ૧૦૪૫ | ૧૪૦૫ |
| ધાણા | ૧૯૦૦ | ૧૯૪૫ |
| રાયડો | ૧૦૫૬ | ૧૦૬૧ |
| લાલ તુવેર | ૧૨૭૫ | ૧૨૭૫ |
| મેથી | ૮૯૦ | ૮૯૦ |
| શીંગદાણા | ૧૨૯૦ | ૧૩૫૦ |
| સોયાબીન | ૯૩૧ | ૯૩૧ |

### મહુવા

| | | |
|---|---|---|
| શીંગ ગીરનાર | ૧૪૬૦ | ૧૪૬૦ |
| શીંગ ૩૨ | ૧૩૦૨ | ૧૪૬૫ |
| શીંગ ૩૯ | ૧૧૭૫ | ૧૩૦૦ |
| શીંગ જી-૨૦ | ૧૨૦૧ | ૧૪૯૫ |
| એરંડા | ૨૭૦ | ૧૨૪૨ |
| જુવાર | ૩૪૫ | ૯૮૪ |
| બાજરી | ૩૧૧ | ૫૯૧ |
| ઘઉં ટુકડા | ૪૦૧ | ૬૧૯ |
| ધાણા | ૧૬૦૦ | ૨૫૨૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૫૫૦ |
| મગ | ૫૦૦ | ૬૫૦ |
| મેથી | ૭૦૦ | ૧૧૧૫ |
| ચણા | ૯૧૧ | ૧૦૨૯ |
| તલ સફેદ | ૧૪૫૦ | ૧૯૮૫ |
| તલ કાળા | ૫૦૦ | ૩૨૦૦ |
| તુવેર | ૪૦૦ | ૧૪૭૫ |
| જીરૂ | ૯૦૦ | ૪૬૦૦ |
| ડુંગળી લાલ | ૭૦ | ૨૪૩ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૨૭૮ |
| કપાસ શંકર | ૮૮૫ | ૧૪૭૨ |
| નાળીયેર | ૩૦૬ | ૨૩૯૫ |

### કોડીનાર

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૨૦૦ | ૧૫૨૮ |
| બાજરી હાઈબ્રીડ | ૩૦૦ | ૫૯૩ |
| ઘઉં ટુકડા | ૪૫૫ | ૫૫૩ |
| ઘઉં લોક્વન | ૪૦૦ | ૪૮૦ |
| રાય | ૧૧૨૫ | ૧૨૭૨ |
| રાયડો | ૧૦૨૦ | ૧૧૬૦ |
| મેથી | ૯૦૦ | ૧૧૧૮ |
| તુવેર | ૧૦૫૦ | ૧૪૯૬ |
| જુવાર | ૯૭૦ | ૧૦૭૨ |
| અડદ | ૧૦૦૦ | ૧૬૪૬ |
| એરંડી | ૧૧૦૦ | ૧૨૭૦ |
| ચણા | ૯૬૦ | ૧૦૪૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૦૬૫ |
| ધાણા | ૧૫૦૦ | ૧૯૨૬ |
| કપાસ | ૧૩૦૦ | ૧૬૦૦ |
| કાંગ | ૪૨૧ | ૫૨૩ |

### ખાંભા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૪૦૦ | ૧૬૫૧ |
| મગફળી | ૧૨૬૦ | ૧૩૫૫ |
| ચણા | ૧૦૧૩ | ૧૦૨૩ |
| સોયાબીન | ૯૮૧ | ૯૮૧ |
| જુવાર સફેદ | ૭૫૧ | ૭૫૧ |
| તુવેર | ૧૦૦૧ | ૧૪૯૯ |
| ધાણા | ૧૪૬૦ | ૧૬૮૧ |
| મેથી | ૯૫૫ | ૯૫૫ |

### રાજુલા

| | | |
|---|---|---|
| શીંગ | ૯૫૦ | ૧૧૫૦ |
| તલ સફેદ | ૧૭૯૨ | ૧૭૯૨ |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૨૫ |
| બાજરો | ૨૭૦ | ૬૦૦ |
| ઘઉં ટુકડા | ૩૦૦ | ૫૫૧ |
| જુવાર | ૭૨૧ | ૧૦૯૦ |
| તુવેર | ૧૨૯૦ | ૧૩૫૦ |
| ચણા | ૯૫૦ | ૧૧૧૧ |
| ધાણા | ૧૦૦૦ | ૧૨૩૧ |
| મેથી | ૮૦૭ | ૧૧૦૦ |
| સોયાબીન | ૯૫૦ | ૯૫૦ |
| રાય | ૮૯૭ | ૧૨૯૧ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ અમરેલી દ્વારા સ્વ.પ્રેમજીભાઈ ડોબરીયાને શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ





અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લામાં કુંકાવાવ ગામના વતની અને વિવિધ સેવાકીય સંસ્થાઓ સાથે જોડાયેલા સ્વ. પ્રેમજીભાઈ ડોબરીયાનું દુઃખદ અવસાન થતા સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. તેમની શ્રદ્ધાંજલિ સભા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અમરેલી ખાતે રાખવામાં આવી હતી. જેમાં સંસ્થાના પ્રમુખ ડી.કે. રૈયાણી, વસંતભાઈ મોવલીયા, કાંતિભાઈ વઘાસિયા, કાળુભાઈ ભંડેરી, એમ. કે. સાવલિયા, રાજુભાઈ માંગરોળીયા, દિનેશભાઈ ભુવા, સુરેશભાઈ દેસાઈ, રમેશભાઈ કાથરોટીયા, બેચરભાઈ ભાદાણી, નિલેશભાઈ મુલાણી, ચતુરભાઈ ખૂટ, લાલજીભાઈ દેસાઈ, જયસુખભાઈ દેસાઈ, નિકુંજભાઈ સાવલિયા, જેનીબેન ઢુંમર, શરદભાઈ ધાનાણી, ડેનીભાઈ રામાણી, ચંદુભાઈ રામાણી, કેતનભાઈ સોની, જીતુભાઈ ડેર, જેડી સાવલિયા, ભરતભાઈ બાવીસી, હિરેનભાઈ વિરડીયા, જગદીશભાઈ તળાવીયા, ડો. ગોયાણી, સંજયભાઈ માલવિયા, રમેશભાઈ શિંગાળા, ડોબરીયા પરિવાર વતી ઉમેશભાઈ તથા વિજયભાઈ અને રમેશભાઈ ડોબરીયા સહિત મોટી સંખ્યામાં લોકોએ હાજર રહી શ્રધ્ધા સુમન અર્પણ કર્યા હતા.

# રાજુલાના કોટડીમાં સગીરાના અપહરણ કેસમાં આરોપીને ૨૦ વર્ષની જેલ સજા ફટકારતી કોર્ટ

રાજુલા, તા.૨૫

રાજુલાના કોટડીમાં સગીરાનું અપહરણ કરી બળાત્કારના કેસમાં રાજુલાના એડીશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ અને સ્પેશયલ (પોકસો)કોર્ટે ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. આ કેસમાં જિલ્લા મદદનીશ સરકારી વકીલ બી. એમ. શિયાળની ધારદાર દલીલ અન દસ્તાવેજી પુરાવાને કોર્ટના જજ ડી. સી. ત્રિવેદીએ માન્ય રાખીને આરોપી ભુપતભાઈ કાનાભાઈ કવાડ (રે.કોટડી તા.રાજુલા) કસુરવાર માનેલ છે. આરોપીએ ૨૦૨૧માં સગીરવયની કિશોરી સાથે ઈરાદાપૂર્વક બળજબરીથી અપહરણ કરી બળાત્કાર કર્યો હતો.

આથી સગીરાના વાલીએ ફરીયાદ કરી હતી. આ ગુન્હામાં ૨૦ વર્ષની સખત કેદની સજા અને રૂા.૨૫૦૦૦/—નો દંડ અને ભોગ બનનારને વીકટીમ કોમ્પેનસેશન મુજબ રૂા. ૫૦,૦૦૦ વળતર ચુકવવાનો હુકમ કરેલ છે.

# ધારીના પેટ્રોલપંપ અસામાજિક તત્વોની દાદાગીરી, કર્મચારીઓને માર માર્યો

**ઘટનાની જાણ થતા પોલીસે તપાસ શરૂ કરી**


ધારી,તા.૨૫

ધારી શહેરમાં આવેલા નસીત પેટ્રોલ પંપ પર કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડાવતી એક ઘટના સામે આવી છે. ચાર અજાણ્યા શખ્સો પોતાની કારમાં ડીઝલ પુરાવવા માટે આવ્યા હતા, પરંતુ પંપ પર વાહનોની લાંબી લાઈન હોવાથી કર્મચારીએ તેમને નિયમ મુજબ લાઈનમાં આવવા વિનંતી કરી હતી. આ સાંભળી ઉશ્કેરાયેલા શખ્સોએ લાઈન તોડી સીધી કાર અંદર ઘુસાડી દીધી હતી. જ્યારે પંપના સ્ટાફ અને સંચાલકોએ આ ઉધ્ધતાઈનો વિરોધ કર્યો, ત્યારે અજાણ્યા શખ્સોએ લાકડીઓ વડે હુમલો કરવાનું શરૂ કર્યું હતું. આ હિંસક હુમલામાં પેટ્રોલ પંપના સ્ટાફને સામાન્ય ઈજાઓ પહોંચી હતી અને ત્યાં હાજર અન્ય વાહનચાલકોમાં ભારે ફફડાટ ફેલાયો હતો. હાલ પોલીસે CCTV ફૂટેજ મેળવી ગુનેગારોની શોધખોળ શરૂ કરી છે.

# પ્રખરતા કસોટીમાં રાજય મેરીટમાં ઓક્સફર્ડ સ્કૂલ અમરેલીના ૧૩ વિદ્યાર્થીઓ પસંદ

અમરેલી,તા.૨૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા દર વર્ષે ધોરણ ૯ ના વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને પ્રોત્સાહન આપવા માટે પ્રતિભા શોધ કસોટીનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે સમગ્ર ગુજરાત રાજ્યમાંથી શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા કુલ ૧૦૦૦ તેજસ્વી વિદ્યાર્થીઓની મેરિટ યાદીમાં પસંદગી કરવામાં આવી છે. આ યાદીમાં અમરેલીની પ્રખ્યાત ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સના ૧૩ જેટલા વિદ્યાર્થીઓએ સ્થાન પ્રાપ્ત કરીને પોતાની મહેનત અને શાળાનું ગૌરવ વધાર્યું છે.



વિશેષ નોંધપાત્ર બાબત એ છે કે આ મેરિટ યાદીમાં શાળાનો વિદ્યાર્થી ભટ્ટ હેત કમલકાંત ૯૯.૯૯ PR સાથે સમગ્ર ગુજરાત રાજ્યમાં દ્વિતીય ક્રમે ઉત્તીર્ણ થયો છે. આ ઝળહળતી સિદ્ધિ બદલ શાળા સંકુલમાં આનંદનો માહોલ છવાયો છે. વિદ્યાર્થીઓની આ સફળતા પાછળ તેમની સખત મહેનત અને ગુરુજનોનું યોગ્ય માર્ગદર્શન રહેલું છે. આ અભૂતપૂર્વ સફળતા બદલ શાળાના ટ્રસ્ટી મંડળ અને સમગ્ર શૈક્ષણિક પરિવારે તમામ વિજેતા વિદ્યાર્થીઓને હૃદયપૂર્વક અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે અનેક શુભકામનાઓ પાઠવી છે.

# રામનવમીના દિવસે કોડીનાર શહેરમાં નોનવેજનું વેચાણ બંધ રાખવા રજૂઆત



કોડીનાર, તા.૨૫

આગામી તારીખ ૨૬ને ગુરુવારના રોજ રામનવમી સમગ્ર દેશ સહિત કોડીનાર શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં ખૂબ જ ધામધૂમપૂર્વક ઉજવવામાં આવનાર છે. કોડીનારના મુખ્ય રામ મંદિરેથી ભગવાન શ્રી રામની ભવ્ય રવાડી અને શોભાયાત્રા શહેરના વિવિધ માર્ગો તથા બજારોમાં નીકળશે. આ ધાર્મિક ઉત્સવની ગરિમા અને પવિત્રતા જળવાઈ રહે તે હેતુથી ગીર સોમનાથ જિલ્લા શિવસેના પ્રમુખ રાજુભાઈ બાંભણિયા દ્વારા કોડીનાર મામલતદારને એક લેખિત આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. રામનવમીના દિવસે શહેરની તમામ નોન-વેજની રેકડીઓ, માંસ-મટનની દુકાનો તેમજ ફિશ માર્કેટ સંપૂર્ણપણે બંધ રાખવા વિનંતી કરવામાં આવી છે.

# ડુંગળીના પાકમાં ખેડુતોને આર્થિક નુકસાનીમાં સહાય માટે કૃષિ મંત્રીને રજૂઆત

મહુવા,તા.૨૫

મહુવાની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેન અને જેસર તાલુકા પંચાયતના સભ્ય ગભરૂભાઈ જી. કામળીયાએ કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીને પત્ર લખીને લાલ ડુંગળીનાં અતિ નીચે ગયેલા ભાવોથી ખેડુતોને થઈ રહેલ આર્થિક નુકસાની સામે સરકાર દ્વારા સહાય કરવા પત્ર લખીને રજૂઆત કરી છે. તેમણે



પત્રમાં જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્રમાં ડુંગળીનો પાક નીકળવાનો શરૂ છે. જેમાં હાલનાં સમયે લાલ ડુંગળીનાં ભાવો એકદમ ઘટી ગયેલ છે. આજની તારીખે લાલ ડુંગળીનાં સરેરાશ ભાવ પ્રતિ ૨૦ કિલોનાં રૂા.૭૦/- થી રૂા. ૧૨૦/- ખેડુતોને મળી રહ્યા છે. ચાલુ સાલ ડુંગળીનાં પાકમાં ખેડુતોને ખરાબ હવામાનનાં કારણે વીઘા દીઠ ઉત્પાદન ઓછુ એટલે કે પ્રતિ વીઘા દીઠ ૧૫૦થી ૨૦૦ મણનું ઉત્પાદન એવરેજ મળી રહેલ છે. તેમજ ડુંગળીની ગુણવતા પણ નબળી રહેલ છે. તેમજ ખાતર, દવા, બીયારણ અને મજુરીનાં ખુબ જ ભાવો વધી ગયેલ હોવાથી પડતર ખુબજ ઉંચી આવે છે. આથી ખેડુતોને પ્રતિ ૨૦ કિલોનાં રૂા.૨૫૦/- ઉપરનાં ભાવો મળે તો જ પોષણક્ષમ ભાવો મળ્યા ગણી શકાય, જે હાલ મળી રહ્યા નથી તેથી ખેડૂતોને તાત્કાલીક સહાય પેકેજ આપવામાં આવે તેવી માંગ કરાઈ છે.

# ગોંડલમાં વહીવટદારનું બુલડોઝર : દબાણો અને અસામાજિક અડ્ડાઓ પર ત્રાટકી નગરપાલિકા

ગોંડલ,તા.૨૫

ગોંડલ શહેરમાં વહીવટદાર શાસન લાગુ થતાની સાથે જ વહીવટી તંત્ર એક્શન મોડમાં આવ્યું છે. શહેરની સરવૈયા શેરીમાં છેલ્લા લાંબા સમયથી માથાના દુખાવા સમાન બનેલા ગેરકાયદે બાંધકામ પર આજે નગરપાલિકાના સેનિટેશન વિભાગે બુલડોઝર ફેરવી દીધું હતું. આ સ્થળ આંગણવાડીની બાજુમાં આવેલું હતું, જ્યાં બશીરભાઈ



તસવીર : ભોજાણી દેવાંગ

શેખા દ્વારા સાર્વજનિક પ્લોટ પર અનધિકૃત કબજો જમાવવામાં આવ્યો હતો. સ્થાનિક રહીશો છેલ્લા ચાર મહિનાથી આ દબાણ અને ત્યાં ચાલતી અસામાજિક પ્રવૃત્તિઓ સામે સતત લડત આપી રહ્યા હતા.રહીશોનો ગંભીર આક્ષેપ હતો કે આ બાંધકામ પર 'લેડીઝ સિલાઈ કામ'ના બોર્ડ હેઠળ વરલી-મટકા અને જુગાર જેવી પ્રવૃત્તિઓ ચાલતી હતી. કાર્યવાહીથી બચવા માટે રાતોરાત ત્યાં ધાર્મિક સ્થાન ઉભું કરી દેવાયું હોવા છતાં, તંત્રએ મૂર્તિને સન્માનપૂર્વક ખસેડીને સમગ્ર દબાણ જમીનદોસ્ત કર્યું હતું. રાત્રિના સમયે અહીં જામતી દારૂની મહેફિલો અને ગાળાગાળીથી મહિલાઓ તેમજ બાળકોમાં ભારે ભયનો માહોલ હતો.

# છેલ્લાં ૩૦ વર્ષથી ભાજપના શાસનમાં 'કર્ફ્યુ' ભુતકાળ બન્યો : મહેશ કસવાળા

અમરેલી, તા.૨૫

સાવરકુંડલાના ધારાસભ્ય મહેશ કસવાળાએ રાજય સરકાર તરફથી પ્રતિક્રિયા આપી છે કે, છેલ્લા ત્રણ દાયકાથી ગુજરાતમાં ભાજપ સરકારના શાસન હેઠળ રાજ્યમાં અભૂતપૂર્વ શાંતિ અને સલામતીનો માહોલ જોવા મળી રહ્યો છે. આજે સ્થિતિ એવી છે કે નવી પેઢીના બાળકોએ ક્યારેય 'કર્ફ્યૂ' શબ્દનો પ્રત્યક્ષ અનુભવ કર્યો નથી. આ શાંતિ પાછળ અશાંત



ધારાના કડક અમલીકરણની ભૂમિકા અત્યંત મહત્વની રહી છે. જોકે વિપક્ષ દ્વારા આ કાયદાની જરૂરિયાત સામે સવાલો ઉઠાવવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે અનેચ્છિક સ્થળાંતર રોકવા અને વસ્તીના સંતુલનને જાળવી રાખવા માટે આ કાયદો એક રક્ષણાત્મક કવચ સમાન છે. જે નાગરિકો સાચા અને કાયદેસરના વ્યવહારો કરે છે તેમને આ ધારાથી કોઈ જ અવરોધ આવતો નથી. બિલના નવા સુધારા મુજબ, કોઈપણ નવા વિસ્તારને અશાંત જાહેર કરતા પહેલા નિષ્ણાત સમિતિ દ્વારા વાસ્તવિક સ્થિતિનો ઊંડો અભ્યાસ કરવામાં આવશે.

# અમરેલીમાં આજે રામજીમંદિરે મહાઆરતીનું આયોજન કરાયુ

અમરેલી,તા.૨૫

આજરોજ ગુરુવારે ભગવાન શ્રી રામ જન્મોત્સવ એટલે કે ચૈત્ર સુદ નોમના મંગલકારી દિવસે કૌશલ્યા નંદન પ્રભુ શ્રી રામના જન્મોત્સવને ભવ્ય રીતે ઉજવવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે. આ નિમિત્તે અમરેલીના 'કોંગ્રેસ પરિવાર' અને સેવાકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર 'પરિવર્તન ટ્રસ્ટ'ના સંયુક્ત ઉપક્રમે શહેરના ઐતિહાસિક રામજી મંદિર, સરકાર વાડા ખાતે સાંજે ૭:૦૦ કલાકે ભવ્ય મહા આરતીનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. અમરેલીના સમસ્ત નગરજનો, રામ ભક્તો તેમજ વિવિધ ધાર્મિક અને સામાજિક સંસ્થાઓના હોદ્દેદારોને આ દિવ્ય મહા આરતીમાં સહભાગી થઈ ભગવાનના આશીર્વાદ મેળવવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવે છે.

# ગીરગઢડામાં સિંહણનો 'સુપર જમ્પ': ભારેખમ મારણ સાથે વાડીનો ઊંચો ગેટ કૂદી ગઈ

ઉના, તા.૨૫

ગીરની ભૂમિ એટલે સિંહોનું કાયમી સરનામું, પરંતુ હવે વનરાજ જંગલ છોડીને રહેણાક વિસ્તારોમાં મહેમાન બની રહ્યા છે. ગીરગઢડામાં ન્યાય મંદિર પાછળના વિસ્તારમાં ગત રાત્રે સિંહણના શિકાર અને તેની ચપળતાના એવા દૃશ્યો જોવા મળ્યા જેણે જોનારાઓના શ્વાસ અધ્ધર કરી દીધા હતા. એક સિંહણે શિકારની શોધમાં રહેણાક વિસ્તારમાં લટાર



તસવીર : કૈલાશ ભટ્ટ

મારતાં મારતાં વાડીના ગેટ પાસે એક વાછરડાનું મારણ કર્યું હતું. આ ઘટના સમયે વાડી માલિક અને સિંહપ્રેમીઓ ત્યાં પહોંચી ગયા હતા, પરંતુ સિંહણની સ્ફૂર્તિ જોઈ સૌ કોઈ દંગ રહી ગયા હતા. પોતાના શિકારને અન્ય કોઈ પડાવી ન જાય તેવા ડરથી કે સલામતીના ભાવથી સિંહણે ગણતરીની સેકન્ડોમાં જ ભારેખમ મારણને પોતાના જડબામાં મજબૂતીથી દબાવ્યું અને વાડીના ઊંચા ગેટ પરથી આસાનીથી કૂદકો મારી અંદર પ્રવેશી ગઈ હતી.


**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૬૩/૨૦૨૬ — તા.૧૬/૦૩/૨૦૨૬

અરજદારશ્રીઃ- ૧. બટુકભાઈ જીવરાજભાઈ લાખાણી
રહે.એ-૩, ૨૦૨, નંદ ચોક, પંચતત્વ રેશીડેન્સી, અબ્રામા રોડ,
મોટા વરાછા, સુરત

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. ૧. જન્મ-મરણ અધિકારીશ્રી, નગરપાલિકા કચેરી,
સાવરકુંડલા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી બટુકભાઈ જીવરાજભાઈ લાખાણીનો જન્મ તા.૧૫/૦૧/૧૯૫૬ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા/ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૬/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૧૭/૨૦૨૬ — તા.૧૭/૦૩/૨૦૨૬

અરજદારશ્રીઃ- ૧. ચૌહાણ શાયરાબેન અલીભાઈ વાઈફ ઓફ યુનુસભાઈ ભટી
રહે.લાખાજીરાજ શ્રમજીવી સોસાયટી, શેરી નં.૨,
ગામેતી હોલની પાછળ, ભાવનગર રોડ, રાજકોટ

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. જન્મ-મરણ અધિકારીશ્રી, નગરપાલિકા કચેરી,
સાવરકુંડલા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી શાયરાબેન અલીભાઈ ચૌહાણનો જન્મ તા.૨૮/૦૧/૧૯૭૩ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા/ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૩૦/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૧૯/૨૦૨૬ — તા.૧૭/૦૩/૨૦૨૬

અરજદારશ્રીઃ- ૧. ઝાલાવાડીયા રવજીભાઈ મોહનભાઈ
રહે.બ્લોક નં.૧, ૪૦૨ ભક્તિ એંકવેલ, દાસ્તાન ફાર્મ પાસે,
મારૂતી શો રૂમ પાસે, નિકોલ, અમદાવાદ

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. જન્મ-મરણ અધિકારીશ્રી, નગરપાલિકા કચેરી,
સાવરકુંડલા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી રવજીભાઈ મોહનભાઈ ઝાલાવાડીયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૫૯ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા/ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૩૦/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૮૧/૨૦૨૬ — તા.૧૬/૦૩/૨૦૨૬

અરજદારશ્રીઃ- ૧. અજયભાઈ જેન્તીભાઈ ગજેરા
રહે.એ-૪૧, મારૂતીધામ સોસાયટી, હરી પેલેસ પાસે,
ઉમરાગામ, સુરત

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી મીતીયાળા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી અજયભાઈ જેન્તીભાઈ ગજેરાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૮૩ ના રોજ મુ.કૃષ્ણગામ મીતીયાળા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૩/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

## અરવિંદ કેજરીવાલ અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને ભાજપ-કોંગ્રેસ પર કર્યા પ્રહારો

# અમરેલીમાં આમ આદમી પાર્ટીના સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે પ્રચારના શ્રીગણેશ

અમરેલી, તા.૨૫

અમરેલીમાં આજે આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના પડઘમ વચ્ચે આમ આદમી પાર્ટી દ્વારા આયોજિત વિશાળ જનસભામાં રાજકીય માહોલ ગરમાયો હતો. આ સભામાં પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અમરેલી ખાતે ઉમટી પડેલી જનમેદનીને સંબોધતા કેજરીવાલે ગુજરાતમાં સત્તાવાર રીતે ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કર્યા હતા અને સત્તાધારી ભાજપ તેમજ વિપક્ષ કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. અરવિંદ કેજરીવાલે દિલ્હી અને પંજાબના શાસન મોડલનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, પંજાબમાં આજે દરેક નાગરિકને ૧૦ લાખ રૂપિયા સુધીનો સ્વાસ્થ્ય વીમો આપવામાં આવ્યો છે. જે હોસ્પિટલમાં રાજ્યના મુખ્યમંત્રી સારવાર લે છે, તેવી જ આધુનિક સુવિધાઓ ધરાવતી હોસ્પિટલમાં સામાન્ય ગરીબ પરિવારનો વ્યક્તિ પણ મફત સારવાર કરાવી શકે છે. તેમણે ગુજરાતની જનતાને પ્રશ્ન કર્યો હતો કે, જો તેમને પણ આવી





વિશ્વસ્તરીય આરોગ્ય સુવિધાઓ જોઈતી હોય, તો દાયકાઓ જૂના ભાજપ અને કોંગ્રેસના શાસનને ઉખેડી ફેંકવું પડશે. વધુમાં તેમણે વચન આપ્યું કે, જો ગુજરાતમાં 'આપ'ની સરકાર બનશે, તો દરેક પરિવારને ખાનગી હોસ્પિટલો જેવી આધુનિક અને મફત સારવાર પૂરી પાડવામાં આવશે. ભાજપ સરકાર પર ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો લગાવતા કેજરીવાલે કહ્યું કે, છેલ્લા ૩૦ વર્ષમાં ગુજરાતમાં માત્ર લૂંટ મચાવવામાં આવી છે. અહીં રસ્તાઓ ૩૦ દિવસમાં તૂટી જાય છે અને નવા બનેલા પુલો ગણતરીના દિવસોમાં ધરાશાયી થઈ જાય છે. ખેડૂતોની વેદના વાગોળતા તેમણે સવાલ કર્યો કે, મગફળીનો પાક નિષ્ફળ જતા જાહેર થયેલું ૧૦,૦૦૦ કરોડનું પેકેજ આખરે ક્યાં ગયું? કારણ કે તે હજુ સુધી ખેડૂતો સુધી પહોંચ્યું જ નથી. તેમણે સૌરાષ્ટ્રની પવિત્ર ભૂમિને સોમનાથ અને દ્વારકાધીશની ધરતી ગણાવી આશીર્વાદ માંગ્યા હતા કે ગુજરાતને ભ્રષ્ટાચારમાંથી મુક્તિ મળે. બીજી તરફ, પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને કેન્દ્ર સરકાર પર નિશાન સાધતા કહ્યું કે, ભાજપે ૧૪૦ કરોડ લોકોના આ દેશને માત્ર ગણ્યા-ગાંઠ્યા ઉદ્યોગપતિઓનો દેશ બનાવી દીધો છે.


## 'આ આદેશ નહીં પણ સલાહ છે' : વંદે માતરમ ફરજિયાત કરવાના પરિપત્ર વિરુધ્ધની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી

નવી દિલ્હી, તા.૨૫

સુપ્રીમ કોર્ટે 'વંદે માતરમ' ગાવું ફરજિયાત બનાવવાના સરકારી પરિપત્રને પડકારતી અરજીને અકાળ ગણાવી ફગાવી દીધી છે. સુનાવણી દરમિયાન સીજેઆઈ સૂર્યકાંતની બેન્ચે સ્પષ્ટ કર્યું હતું કે, સરકારી નોટિફિકેશનમાં 'મે' (શક્યતા) શબ્દનો ઉપયોગ થયો છે, જે દર્શાવે છે કે આ માત્ર એક સલાહ છે, કોઈ ફરજિયાત આદેશ કે ધમકી નથી. કોર્ટે વધુમાં જણાવ્યું કે, આ પરિપત્રમાં રાષ્ટ્રગીત ન ગાનાર વ્યક્તિ સામે કોઈ દંડાત્મક કાર્યવાહીની જોગવાઈ નથી. અરજદારના વકીલ સંજય હેગડેએ સામાજિક દબાણની આશંકા વ્યક્ત કરી હતી, જેના જવાબમાં કોર્ટે કહ્યું કે જો ભવિષ્યમાં આ સલાહના આધારે કોઈ ભેદભાવ કે કાર્યવાહી કરવામાં આવે, તો જ અરજદાર કોર્ટના દ્વાર ખટખટાવી શકે છે. એસજી તુષાર મહેતાએ પણ દલીલ કરી હતી કે રાષ્ટ્રગીતના સન્માન માટે કોઈ વિશેષ આદેશની જરૂર હોવી જોઈએ નહીં.

## દેશમાં ઈંધણની કોઈ અછત નથી, અફવાઓથી દૂર રહેવા તેલ કંપનીઓની અપીલ : પુરવઠો સંપૂર્ણપણે ઉપલબ્ધ

નવી દિલ્હી, તા.૨૫



પેટ્રોલ અને ડીઝલની અછત અંગે ફેલાતી અફવાઓ વચ્ચે ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડએ પરિસ્થિતિ સ્પષ્ટ કરતા જણાવ્યું છે કે દેશમાં ઈંધણનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને પુરવઠો સંપૂર્ણપણે સામાન્ય છે. કંપનીએ સત્તાવાર નિવેદનમાં અછતના અહેવાલોને પાયાવિહોણા ગણાવ્યા છે અને ખાતરી આપી છે કે ભારતમાં પેટ્રોલ-ડીઝલના ક્રૂડ ઓઈલ અને અન્ય ઈંધણનો પૂરતો સ્ટોક છે. બીજી તરફ, તેલંગાણા પેટ્રોલિયમ ડીલર્સ એસોસિએશને પણ સ્પષ્ટતા કરી છે કે HPCL, IOCL અને BPCL પાસે પર્યાપ્ત જથ્થો છે, પરંતુ ભ્રામક સમાચારોને કારણે લોકો પંપ પર ઉમટી પડતા વેચાણ સામાન્ય કરતા ૩ ગણું વધી ગયું છે. આ ગભરાટભરી ખરીદીને લીધે કેટલીક જગ્યાએ કામચલાઉ સ્ટોક ખૂટવાની સમસ્યા સર્જાઈ છે. એસોસિએશને નાગરિકોને જરૂરિયાત મુજબ જ ઈંધણ ખરીદવા અને કેનમાં પેટ્રોલ-ડીઝલનો સંગ્રહ ન કરવા અપીલ કરી છે, કારણ કે આવું કરવું જોખમી છે અને સુરક્ષાના નિયમોનું ઉલ્લંઘન છે. તમામ તેલ કંપનીઓ અવિરત પુરવઠો સુનિશ્ચિત કરવા માટે સંપૂર્ણપણે કટિબધ્ધ છે.


## કોંગ્રેસને દિલ્હીમાં અકબર રોડ અને રાયસીના રોડની ઓફિસો ખાલી કરવા અંતિમ નોટિસ

નવી દિલ્હી, તા.૨૫

કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયે કોંગ્રેસ પાર્ટીને ૨૮ માર્ચ સુધીમાં ૨૪-અકબર રોડ અને ૫-રાયસીના રોડ સ્થિત તેના ઐતિહાસિક કાર્યાલયો ખાલી કરવા અંતિમ નોટિસ આપી છે. અકબર રોડનો બંગલો છેલ્લા ૪૮ વર્ષથી કોંગ્રેસના મુખ્ય મથક તરીકે કાર્યરત હતો, જ્યારે રાયસીના રોડ પર યુવા કોંગ્રેસ અને NSUIની કચેરીઓ આવેલી છે. જોકે, કોંગ્રેસે તાજેતરમાં જ ૨૪૨ કરોડના ખર્ચે બનેલા આધુનિક 'ઈન્દિરા ભવન'માં પોતાનું નવું મુખ્યાલય સ્થાપ્યું છે, પરંતુ જૂની ઓફિસોનો ઉપયોગ હજુ ચાલુ હતો. અચાનક મળેલી આ નોટિસ સામે કોંગ્રેસ રણનીતિ ઘડી રહી છે અને કાયદાકીય રાહત માટે કોર્ટના દ્વાર ખટખટાવે તેવી શક્યતા છે. પાર્ટીના નેતાઓએ આક્ષેપ કર્યો છે કે સરકાર પક્ષપાતી વલણ અપનાવી રહી છે અને નિયમો બધા માટે સમાન હોવા જોઈએ.

## વર્લ્ડ એર ક્વોલિટી રિપોર્ટ : પાકિસ્તાન વિશ્વનો સૌથી પ્રદૂષિત દેશ, ભારત છઠ્ઠા ક્રમે

નવી દિલ્હી, તા.૨૫



સ્વિસ સંસ્થા આઈક્યુએર દ્વારા જાહેર કરાયેલા ૮મા વર્લ્ડ એર ક્વોલિટી રિપોર્ટ અનુસાર, દક્ષિણ એશિયા વિશ્વમાં પ્રદૂષણનું મુખ્ય કેન્દ્ર બન્યું છે. આ યાદીમાં પાકિસ્તાન વિશ્વનો સૌથી પ્રદૂષિત દેશ જાહેર થયો છે, જ્યારે બાંગ્લાદેશ બીજા અને ભારત છઠ્ઠા ક્રમે છે. અહેવાલમાં ૧૪૩ દેશોના ૯,૪૪૬ શહેરોનો ડેટા વિશ્લેષિત કરાયો છે, જેમાં ચોંકાવનારી વિગત એ છે કે વિશ્વના ૨૫ સૌથી પ્રદૂષિત શહેરોમાંથી મોટાભાગના ભારત, પાકિસ્તાન અને ચીનમાં આવેલા છે. ઉત્તર પ્રદેશનું લોની વિશ્વનું સૌથી પ્રદૂષિત શહેર બન્યું છે, જ્યારે મેઘાલયનું બુર્નિહાટ ત્રીજા અને રાજધાની દિલ્હી ચોથા સ્થાને છે. રિપોર્ટ મુજબ વિશ્વના માત્ર ૧૩ દેશો જ ડબ્લ્યુએચઓના પીએમ ૨.૫ માર્ગદર્શિકાના ધોરણો પૂર્ણ કરી શક્યા છે. ૨૦૨૫માં જંગલોની આગને કારણે વૈશ્વિક સ્તરે હવાની ગુણવત્તામાં વધુ ઘટાડો નોંધાયો છે, જેના પરિણામે માત્ર ૧૪ ટકા શહેરો જ સુરક્ષિત હવાની મર્યાદામાં રહ્યા છે. દક્ષિણ આફ્રિકાનું ન્યુબૌટ્ટેવિલે શહેર વિશ્વનું સૌથી સ્વચ્છ શહેર નોંધાયું છે.

## રાજકોટની દ્રષ્ટિ એડવર્ટાઈઝિંગ એજન્સીનો ૪૮મા વર્ષમાં મંગલ પ્રવેશ

રાજકોટ,તા.૨૫

રાજકોટ સ્થિત દ્રષ્ટિ એડવર્ટાઈઝિંગ એજન્સી આજે તેના ગૌરવપૂર્ણ ૪૮માં વર્ષમાં પ્રવેશ કરી રહી છે. માત્ર દ્રષ્ટિ જ નહીં પણ દીર્ઘદ્રષ્ટિ ધરાવતી આ એજન્સીએ જાહેરાતની દુનિયામાં પોતાની એક આગવી ઓળખ ઊભી કરી છે. સ્થાપક ચેરમેન ગિરધરભાઈ ઘાડિયાએ પાયાથી જે વિશ્વાસનું ઘડતર કર્યું હતું, તેને વર્તમાન એમ.ડી. ગિરીશભાઈ ત્રિવેદીએ સફળતાના શિખરો સુધી પહોંચાડ્યું છે. રામનવમીના પવિત્ર દિવસે સ્થપાયેલી આ એજન્સી આજે સમગ્ર સૌરાષ્ટ્રમાં પાયોનિયર તરીકે જાણીતી છે. ગિરીશભાઈ ત્રિવેદીના નેતૃત્વમાં એજન્સીએ આધુનિક ટેકનોલોજી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવા



નવા પ્રવાહોને અપનાવીને સમય સાથે કદમ મિલાવ્યા છે. તેઓ માને છે કે સોશિયલ મીડિયાના યુગમાં પણ પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાનું મહત્વ અકબંધ છે. ગ્રાહકોની બદલાતી અપેક્ષાઓ, બજેટ અને ક્વોલિટી વચ્ચે સંતુલન જાળવવું એ આ એજન્સીની વિશેષતા રહી છે. વર્ષો જૂના ક્લાયન્ટ્સનો અતૂટ વિશ્વાસ અને સમર્પિત સ્ટાફ મેમ્બર્સ આ સફળતાના સાચા હકદાર છે. આજના ઝડપથી બદલાતા સમયમાં દીર્ઘદ્રષ્ટિ રાખીને કામ કરતી આ સંસ્થા સતત પ્રગતિ કરી રહી છે.

## કોડીનારના કોટડા વિસ્તારમાંથી ૧૪૧ વિદેશી દારૂની બોટલ ઝડપાઈ

કોડીનાર,તા.૨૫

કોડીનાર પોલીસ કોટડા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે એક શખ્સ ટીવીએસ મોટરસાયકલ પર ઈંગ્લિશ દારૂનો જથ્થો લઈને આવી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે નાકાબંધી કરતા ચાલક પોલીસને જોઈ દૂરથી જ વાહન રેઢું મૂકી નાસી છૂટ્યો હતો. પોલીસે બિનવારસી મોટરસાયકલની તલાસી લેતા તેમાંથી ૧૮૦ એમ.એલ.ની ૧૪૧ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે દારૂ અને મોટરસાયકલ મળી કુલ ૭૩,૭૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી ફરાર શખ્સ વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



તસવીર : ધર્મેશ પાઠક

## કર્ણાટકને હવે માત્ર ભગવાન જ બચાવી શકે છે : પૂર્વ વડાપ્રધાન દેવેગૌડાની પીએમ મોદીને ખાસ અપીલ

નવી દિલ્હી, તા.૨૫

પૂર્વ વડાપ્રધાન અને જેડીએસ નેતા એચ.ડી. દેવેગૌડાએ રાજ્યસભામાં કર્ણાટકની વર્તમાન સ્થિતિ અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કોંગ્રેસ સરકારના શાસન પર પ્રહાર કરતા કહ્યું કે, કર્ણાટકને હવે માત્ર ભગવાન જ બચાવી શકે છે. દેવેગૌડાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને રાજ્યમાં પડી ભાંગેલા ઉદ્યોગોને પુનર્જીવિત કરવા અને આર્થિક વિકાસ માટે હસ્તક્ષેપ કરવા ભાવુક અપીલ કરી હતી. વિનિયોગ બિલ પરની ચર્ચા દરમિયાન તેમણે પીએમ મોદીને એક પરિપક્વ નેતા ગણાવ્યા અને વિપક્ષોને એલપીજી મુદ્દે સરકાર પર બિનજરૂરી હુમલા ન કરવા વિનંતી કરી. તેમણે વધુમાં ઉમેર્યું કે, કુમારસ્વામીની સરકાર ૧૪ મહિનામાં કેમ પડી ગઈ તેની જવાબદારી કોંગ્રેસે સ્વીકારવી જોઈએ. તેમણે સ્પષ્ટ કર્યું કે તેઓ સત્તાના ભૂખ્યા નથી, પરંતુ રાજ્યના હિત માટે વડાપ્રધાન પાસે આશા રાખી રહ્યા છે.

## કોડીનારના કરેડા ગામે પોલીસે દરોડો પાડી ૧૨ ગેસ સિલિન્ડર જપ્ત કર્યા

કોડીનાર,તા.૨૫



કોડીનાર તાલુકાના કરેડા ગામમાં ગેરકાયદેસર ગેસ સિલિન્ડરના સંગ્રહ અંગે મળેલી ચોક્કસ બાતમીના આધારે LCB પોલીસે સફળ દરોડો પાડ્યો હતો. આંબલી શેરી વિસ્તારમાં ગોવિંદભાઈ ભાણાભાઈના રહેણાંક મકાન પર થયેલી આ તપાસમાં ભારત ગેસના કુલ ૧૨ સિલિન્ડર મળી આવ્યા હતા, જેમાંથી ૯ ખાલી અને ૩ ભરેલા હતા. પોલીસે કુલ રૂ.૩૯,૦૦૦નો મુદ્દામાલ કબજે કરી આરોપી વિરુધ્ધ હેઠળ ગુનો નોંધ્યો છે. આ કામગીરીમાં LCB અને પેરોલ ફર્લો સ્ક્વોડના જવાનોએ સંયુક્ત રીતે ઓપરેશન પાર પાડીને વધુ તપાસ હાથ ધરી છે.

-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૬૨/૨૦૨૬ — તા.૧૬/૦૩/૨૦૨૬

અરજદારશ્રીઃ- ૧. મંજુલાબેન જીવરાજભાઈ માંગરોળીયા વાઈફ ઓફ બટુકભાઈ લાખાણી
રહે.એ-૩, ૨૦૨, નંદ ચોક, પંચતત્વ રેશીડેંસી, અબ્રામા રોડ,
મોટા વરાછા, સુરત

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી મેરીયાણા, તા.સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી મંજુલાબેન જીવરાજભાઈ માંગરોળીયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૫૭ ના રોજ મુ.મેરીયાણા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૬/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

## અગ્નિવીરો માટે સરકારી ભરતીમાં ૨૦ ટકા અનામતની ભલામણ, ગૃહમંત્રી અમિત શાહે રાજ્યોને લખ્યો પત્ર

નવી દિલ્હી, તા.૨૫



વર્ષ ૨૦૨૭માં અગ્નિવીરોની પ્રથમ બેચનો ચાર વર્ષનો કાર્યકાળ પૂર્ણ થાય તે પહેલાં કેન્દ્ર સરકારે તેમના ભવિષ્ય અને રોજગાર માટે મહત્વનું કદમ ઉઠાવ્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓને પત્ર લખીને રાજ્ય સરકારની વિવિધ ભરતીઓમાં અગ્નિવીરો માટે ઓછામાં ઓછું ૨૦ ટકા અનામત રાખવાની ભલામણ કરી છે. પત્રમાં જણાવ્યા મુજબ, શિસ્તબધ્ધ અને તાલીમબધ્ધ અગ્નિવીરોને વન રક્ષક, પોલીસ કોન્સ્ટેબલ, જેલ વોર્ડન, ફાયરમેન અને એસડીઆરએફ જેવી ગણવેશધારી સેવાઓમાં પ્રાધાન્ય મળવું જોઈએ. હરિયાણા અને ઉત્તરાખંડ જેવા રાજ્યોએ પહેલેથી જ અગ્નિવીરો માટે અનામતની જાહેરાત કરી દીધી છે. હિમાચલ પ્રદેશના સૈનિક કલ્યાણ વિભાગે પણ આ ભલામણ અંગે રાજ્ય સરકારને વિગતવાર અહેવાલ સુપરત કર્યો છે. કેન્દ્ર સરકારે અર્ધલશ્કરી દળોમાં તકો પૂરી પાડ્યા બાદ હવે રાજ્ય સ્તરે આ અનામત લાગુ થવાથી લાખો યુવાનોને નવો આર્થિક આધાર મળશે. આ નિર્ણયનો મુખ્ય હેતુ અગ્નિવીરોની ક્ષમતાનો લાભ રાજ્યની કાયદો-વ્યવસ્થા અને આપત્તિ વ્યવસ્થાપન પ્રણાલીમાં લેવાનો છે, જેથી સેવા નિવૃત્તિ બાદ તેમને રોજગાર માટે ભટકવું ન પડે.

-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલાની કોર્ટમાં//-

રૂબરૂ સુનાવણી નોટીસ

નં.મરણ નોંધણી/અરજી નં.૩૫/૨૦૨૬

અરજદારશ્રીઃ- નરેશભાઈ વિરજીભાઈ સાગઠીયા,
રે.અમૃતવેલ તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તકમશ્રી, અમૃતવેલ તા.સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના માતા રાજીબેન વિરજીભાઈ સાગઠીયાનું મરણ તા.૦૪/૧૦/૨૦૧૪ ના રોજ મુ.અમૃતવેલ તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૨/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૧૬/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

## ગુજરાત વિધાનસભામાં CAG રિપોર્ટનો ધડાકો

# રાજ્યનું જાહેર દેવું ૩.૮૦ લાખ કરોડને પાર, દરેક ગુજરાતી પર આશરે ૬૬,૦૦૦નું ભારણ

ગાંધીનગર, તા.૨૫

ગુજરાત વિધાનસભાના બજેટ સત્ર દરમિયાન આજે કેગ (CAG)નો વર્ષ ૨૦૨૪-૨૫નો અત્યંત મહત્વનો અહેવાલ ગૃહના ટેબલ પર મૂકવામાં આવ્યો છે. આ અહેવાલમાં રાજ્યની આર્થિક સ્થિતિ અને સતત વધતા જતા દેવા અંગેના ચોંકાવનારા આંકડાઓ રજૂ કરવામાં આવ્યા છે, જે રાજ્યની તિજારી પર વધી રહેલા આર્થિક ભારણને સ્પષ્ટપણે દર્શાવે છે. વિકાસના દાવાઓ વચ્ચે સામે આવેલી વાસ્તવિકતા મુજબ ગુજરાતનું કુલ જાહેર દેવું હવે ૩.૮૦ લાખ કરોડ રૂપિયાના આંકડા પર પહોંચી ગયું છે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે ગત વર્ષની સરખામણીએ જાહેર દેવામાં ૨૨ હજાર કરોડ રૂપિયાનો તોતિંગ વધારો નોંધાયો છે. આ આંકડાકીય વિશ્લેષણ મુજબ, હાલમાં પ્રત્યેક ગુજરાતી નાગરિકના માથે આશરે ૬૬,૦૦૦ રૂપિયાનું દેવું છે. રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવતી બજાર લોનમાં પણ મોટો ઉછાળો જોવા મળ્યો છે. અહેવાલ અનુસાર, સરકાર દ્વારા લેવામાં આવેલી કુલ બજાર લોનનો આંકડો ૩.૧૧ લાખ કરોડ રૂપિયાને વટાવી ગયો છે. ગત વર્ષની સરખામણીમાં આ લોનમાં ૧૬ હજાર કરોડ રૂપિયાનો વધારો થયો છે. સરકાર પોતાની વિવિધ વિકાસલક્ષી યોજનાઓ અને દૈનિક ખર્ચને પહોંચી વળવા માટે




બજારમાંથી વધુ ધિરાણ લઈ રહી હોવાનું કેગના અહેવાલમાં સ્પષ્ટ થયું છે. છેલ્લા કેટલાક વર્ષોના આંકડા જોઈએ તો, ૨૦૨૦-૨૧માં રાજ્યનું દેવું ૨.૯૮ લાખ કરોડ હતું, જે ૨૦૨૩-૨૪માં વધીને ૩.૮૯ લાખ કરોડ સુધી પહોંચ્યું હતું અને ૨૦૨૪-૨૫ના અંતે ૩.૮૦ લાખ કરોડની આસપાસ સ્થિર થયું છે. કેગના અહેવાલમાં અન્ય એક ગંભીર પાસું કેન્દ્ર સરકાર તરફથી મળતી ગ્રાન્ટમાં થયેલો ઘટાડો છે. વિવિધ મહત્વની કેન્દ્રીય પુરસ્કૃત યોજનાઓ માટે મળતા નાણાંમાં મોટી કપાત જોવા મળી છે. ખાસ કરીને આદિજાતિ વિસ્તારોના વિકાસ માટે વર્ષ ૨૦૨૩-૨૪માં ૧,૫૯૦.૧૭ કરોડ રૂપિયા મળ્યા હતા, જે ૨૦૨૪-૨૫માં ઘટીને ૧,૩૬૩ કરોડ રૂપિયા થઈ ગયા છે. એટલે કે ગત વર્ષ કરતા ૨૨૬.૫૬ કરોડ રૂપિયા ઓછી સહાય મળી છે. તેવી જ રીતે અન્ય યોજનાઓ માટેની ફાળવણી પણ ૭,૫૪૦ કરોડથી ઘટીને ૬,૭૧૨.૮૬ કરોડ થઈ ગઈ છે. આ આર્થિક ખેંચતાણને કારણે રાજ્ય સરકારને બજાર લોન લેવાની ફરજ પડી રહી છે. આર્થિક અને સામાજિક ચિત્રની વાત કરીએ તો, રાજ્યના મહેસુલી ખર્ચમાં ૧૦,૩૨૬ કરોડનો વધારો થયો છે, જ્યારે મહેસુલી આવકમાં ૪,૨૦૮ કરોડનો ઘટાડો નોંધાયો છે. આના પરિણામે મહેસુલી પુરાંતમાં ૪૩.૪૧ ટકાનો મોટો ગાબડો જોવા મળ્યો છે. વસ્તીના માળખામાં ગુજરાતમાં શહેરીકરણનું પ્રમાણ ૫૦.૨૯ ટકા છે, જે રાષ્ટ્રીય સરેરાશ કરતા ઘણું વધારે છે. સામાજિક સ્તરે રાજ્યમાં સાક્ષરતા દર ૮૪.૬ ટકા હોવા છતાં, હજુ પણ ૧૧.૬૬ ટકા વસ્તી ગરીબી રેખા નીચે જીવે છે.

## રાજ્યમાં લીકર પરમિટના આંકડા બહાર આવ્યા બે વર્ષમાં ૪,૨૧૬ નવી પરમિટ અપાઈ, અમદાવાદ મોખરે

ગાંધીનગર, તા.૨૫

ગુજરાત વિધાનસભાના ચાલુ સત્ર દરમિયાન રાજ્યમાં અપાતી લિકર પરમિટનો મુદ્દો ચર્ચાના કેન્દ્રમાં રહ્યો હતો. વિરોધ પક્ષ કોંગ્રેસ દ્વારા પરમિટ પ્રક્રિયામાં ભ્રષ્ટાચાર અને ખોટા તબીબી પ્રમાણપત્રોના આધારે પરમિટ મેળવવાના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા હતા. આ આક્ષેપોનો જવાબ આપતા મંત્રી કમલેશ પટેલે સ્પષ્ટ કર્યું હતું કે, રાજ્યમાં 'મુંબઈ નશાબંધી અધિનિયમ' હેઠળ અત્યંત કડક નિયમો સાથે પરમિટ આપવામાં આવે છે. સિવિલ હોસ્પિટલના મેડિકલ બોર્ડના રિપોર્ટ અને ઝીણવટભરી તપાસ બાદ જ સ્વાસ્થ્યના કારણોસર મંજૂરી અપાય છે. રજૂ કરાયેલા આંકડા મુજબ, રાજ્યના મુખ્ય ૧૪ જિલ્લાઓમાં હાલ કુલ ૩૩,૦૬૧ લિકર પરમિટ ધારકો છે. છેલ્લા બે વર્ષમાં કુલ ૪,૨૧૬ નવી પરમિટ ઈશ્યૂ કરવામાં આવી છે અને ૧૭,૯૩૧ જૂની પરમિટ રિન્યૂ કરાઈ છે. ખાસ કરીને અમદાવાદમાં સૌથી વધુ ૧૪,૮૬૨ પરમિટ ધારકો નોંધાયા છે.

## અમરેલીમાં એક વર્ષમાં પકડાયેલા દેશી-વિદેશી દારૂ, બિયર, નશીલા પદાર્થની વિગતો વિધાનસભામાં જાહેર થઈ

**અમરેલી જિલ્લાના એક પણ ધારાસભ્યએ યુવાનોને બરબાદી તરફ લઈ જતો આવો પ્રશ્ન ઉઠાવ્યો નહોતો**

અમરેલી, તા.૨૫

ગુજરાત વિધાનસભા સત્રના અંતિમ દિવસે ગૃહમાં અમરેલીમાં એક વર્ષમાં પકડાયેલા દેશી-વિદેશી દારૂ, બિયર, નશીલા પદાર્થનો વિગતો જાહેર થઈ હતી. વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ અમરેલી જિલ્લામાં પકડાયેલા નશીલા પદાર્થોનો પ્રશ્ન પૂછ્યો હતો. જેનો જવાબ આપતાં સરકારે જણાવ્યું અમરેલી શહેરમાંથી વિદેશી દારૂની ૪૨૦ બોટલ તથા ૧૨૯૬ લીટર દેશી દારૂ પકડાયો હતો. જેની કિંમત અનુક્રમે ૨,૮૩,૯૦૮ રૂપિયા અને ૨,૫૯,૨૦૦ રૂપિયા હતી. જ્યારે ૧૩,૯૪૦ રૂપિયાની કિંમતનો ૧.૩૯૪ ગ્રામ નશીલો પદાર્થ ઝડપાયો હતો. અમરેલીમાંથી ૧,૬૩,૪૭,૧૨૭ રૂપિયાની કિંમતની ૪૩,૬૬૬ વિદેશી દારૂની બોટલ, રૂપિયા ૨૧,૨૦,૪૦૦ની કિંમતનો ૧૦,૬૦૨ લીટર દેશી દારૂ, રૂપિયા ૧,૩૮,૦૯૯ની કિંમતના ૮૬૧ બિયરના ટીન તથા રૂપિયા ૮૦,૧૭,૦૮૦ની કિંમતનો દારૂ ૨૨૦.૧૬૪ કિલોગ્રામ નશીલા પદાર્થો - દ્રવ્યનો જથ્થો ઝડપાયો હતો. ઉલ્લેખનીય છે કે અમરેલી જિલ્લાના એક પણ ધારાસભ્યએ યુવાનોને બરબાદી તરફ લઈ જતો આવો પ્રશ્ન ઉઠાવ્યો નહોતો.



## નવસારીના ચીખલીમાં સાવકા પિતાએ બે સગીર દીકરીઓ પર બળાત્કાર ગુજારી ગર્ભવતી બનાવતા ચકચાર

નવસારી, તા.૨૫

નવસારી જિલ્લાના ચીખલી તાલુકામાં લિવ-ઈન પાર્ટનરે વિશ્વાસઘાત કરી બે સગીર દીકરીઓને પોતાની હવસનો શિકાર બનાવતા ચકચાર મચી ગઈ છે. છેલ્લા છ વર્ષથી સાથે રહેતા શખ્સે ૧૨ અને ૧૩ વર્ષની બે માસૂમ બાળકીઓને ડરાવી-ધમકાવી અનેકવાર દુષ્કર્મ આચર્યું હતું. ૧૨ વર્ષની દીકરીને પેટમાં દુખાવો થતા હોસ્પિટલ લઈ જવામાં આવી, જ્યાં સોનોગ્રાફી રિપોર્ટમાં તે પાંચ મહિનાની ગર્ભવતી હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો હતો. પૂછપરછ દરમિયાન બંને દીકરીઓએ સાવકા પિતાની કરતૂત વિશે માતાને જાણ કરી હતી. આ મામલે માતાની ફરિયાદના આધારે ચીખલી પોલીસે પોક્સો એક્ટ અને દુષ્કર્મની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી નરાધમ આરોપીની ધરપકડ કરી છે. સમાજને હચમચાવી દેતી આ ઘટનાએ બાળકોની સુરક્ષા સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે.

## ગુજરાતમાં હોસ્પિટલનું રજીસ્ટ્રેશન હવે ફરજિયાત : બોગસ તબીબો પર સરકારનો કડક કાયદો

ગાંધીનગર, તા.૨૫

ગુજરાત વિધાનસભામાં 'ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ બિલ' પસાર કરાયા બાદ હવે દરેક હોસ્પિટલ અને ક્લિનિક માટે રજીસ્ટ્રેશન કરાવવું અનિવાર્ય બન્યું છે. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાએ જણાવ્યું કે, રજીસ્ટ્રેશનની મુદત ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. રજીસ્ટ્રેશન વગર ચાલતા એકમો સામે કડક દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે. આ કાયદાનો મુખ્ય ઉદ્દેશ્ય બોગસ તબીબોને રોકવો અને રાજ્યમાં આરોગ્ય સેવાઓને વધુ પારદર્શક બનાવવાનો છે.




## ભાવનગરમાં કરોડોનું સાયબર કૌભાંડ : ૧૩૪ બેન્ક ખાતા દ્વારા ૮.૧૧ કરોડની ઠગાઈ, ૮ શખ્સો ઝડપાયા

ભાવનગર, તા.૨૫

ભાવનગર શહેરમાં સાયબર ગુનાખોરીનો એક અત્યંત ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જેમાં શાતિર ગઠિયાઓએ અનેક બેન્ક ખાતાઓનો દુરુપયોગ કરીને કરોડો રૂપિયાની છેતરપિંડી આચરી છે. આ મામલે પોલીસે અત્યાર સુધીમાં કુલ ૮ આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પ્રાથમિક તપાસમાં બહાર આવેલી વિગતો મુજબ, આરોપીઓએ કુલ ૧૩૪ જેટલા વિવિધ બેન્ક ખાતાઓનો ઉપયોગ કરીને અંદાજે ૨૧.૩૭ કરોડ રૂપિયાના શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન કર્યા હતા, જેમાંથી ૮.૧૧ કરોડ રૂપિયાની સીધી ઠગાઈ આચરવામાં આવી હોવાનું સ્પષ્ટ થયું છે. આ સમગ્ર કૌભાંડ ખૂબ જ સુનિયોજિત રીતે નકલી ઓળખ અને ફેક એકાઉન્ટ્સ ઊભા કરીને આચરવામાં આવ્યું હતું. સાયબર ગઠિયાઓએ ઓનલાઈન ફ્રોડના વિવિધ કીમિયા અજમાવીને અનેક નિર્દોષ લોકોને આર્થિક નુકસાન પહોંચાડ્યું છે. હાલમાં ભાવનગર પોલીસે આ મામલે સત્તાવાર ફરિયાદ નોંધીને અલગ-અલગ ટીમો બનાવી આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.



### અમરેલીના ડીડીઓની જામનગર કલેક્ટર તરીકે બદલી

અમરેલીતા. ૨૫

અમરેલી જિલ્લા વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવતા પરિમલ પંડયાની બદલી કરવામાં આવી છે. જિલ્લા વિકાસ અધિકારી બે વર્ષથી અમરેલીમાં ફરજ બજાવતા હતા. જોકે હવે અમરેલી ડીડીઓ પરિમલ પંડયાની જામનગર કલેક્ટર તરીકે બઢતી સાથે બદલી કરવામાં આવી છે.

## જૂનાગઢમાં જવાહર ચાવડાના ટેકેદારોએ જિલ્લા પંચાયતમાં આપમાંથી ઉમેદવારી નોંધાવતા ભાજપમાં ખળભળાટ

જૂનાગઢ, તા.૨૫

જૂનાગઢની રાજનીતિમાં મોટો ઉલટફેર જોવા મળ્યો છે. ભાજપના પૂર્વ મંત્રી જવાહર ચાવડાની લાંબા સમયની નારાજગી વચ્ચે તેમના અંગત ટેકેદારોએ જિલ્લા પંચાયતની ચૂંટણી માટે આમ આદમી પાર્ટીમાંથી ઉમેદવારી નોંધાવતા ભાજપમાં ખળભળાટ મચી ગયો છે. 'આપ' દ્વારા જાહેર કરાયેલી પ્રથમ યાદીમાં આ દિગ્ગજ ટેકેદારોના નામ આવતા ભાજપના ગઢમાં ગાબડું પડવાની ભીતિ સેવાઈ રહી છે. આ સ્થિતિને થાળે પાડવા પ્રદેશ ભાજપ અગ્રણી જગદીશ વિશ્વકર્મા શનિવારે માણાવદર અને વિસાવદરમાં કાર્યકર્તા સંમેલન સંબોધશે. ખાસ કરીને જ્યાં આમ આદમી પાર્ટીનું સંગઠન મજબૂત છે, ત્યાં ભાજપ પોતાનો કિલ્લો બચાવવા મથામણ કરી રહ્યું છે. વિસાવદર અને માણાવદર બેઠકો હવે ભાજપ માટે પ્રતિષ્ઠાનો જંગ બની ગઈ છે.

